Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૨૫ ● તા. ૧૬ થી ૨૨ જુન ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

**"પ્રકાશ" – "ક.દ.ઓ. જૈન જ્ઞાતિ"–કચ્છ–મુંબઈની અનન્ય સેવા કરનાર**



## શ્રી દામજી જેઠાભાઈ લોડાયા (સુથરી-દાદર)ને

## ૧૦૧મી જન્મતિથી નિમિત્તે ભાવભરી સ્મરણાંજલિ

સમાજ સેવા, સાહસ અને વહીવટી કુશળતા
કાળ પણ નહીં વિસરાવી શકે આપની અનન્યતા...

**પ્રકાશ સમીક્ષા સમિતિ ✪ શા. જેઠાભાઈ લધાભાઈ લોડાયા પરિવાર (સુથરી)**

### શ્રી દામજી જેઠાભાઈ લોડાયાના કાલવિજયી સત્કાર્યો

- "પ્રકાશ"ના પ્રારંભિક વર્ષોમાં સમિતિના સભ્ય રહી તેના વિકાસમાં ફાળો આપ્યો.
- ૧૯૪૦માં એરફોર્સના પાયલટનું લાયસન્સ મેળવ્યું.
- ૧૯૪૦માં કચ્છના મહારાવશ્રીને સમજાવી દુકાળ રાહત પ્રવૃતિ શરૂ કરાવી.
- ઈ.સ. ૧૯૪૪ના ધડાકા પછી અસરગ્રસ્તોને રાહત આપતી પ્રવૃતિ ત્રણ માસ ચલાવી તેમજ 'સીટી રીલીફ કમિટી' સ્થાપી "આઝાદનગર" વડાલા અને "શાંતિનગર" આર્થર રોડ રહેણાંક કોલોની બનાવી અસરગ્રસ્તોનું પુનર્વસન કરાવ્યું.
- ઈ.સ.૧૯૪૭માં કચ્છના મહારાવશ્રીને સમજાવી કચ્છમાં સિંધી રીસેટલમેન્ટ કોર્પોરેશન (SRC)માટે જમીન અપાવી.
- ઈ.સ. ૧૯૪૬ થી ઈ.સ. ૧૯૫૨ સુધી બી વોર્ડના મ્યુનિસીપલ કોર્પોરેટર રહ્યા.
- ઈ..સ. ૧૯૫૨માં કંડલા પોર્ટ ટ્રસ્ટના બંગાળી પ્રથમ કમિશનરને સહાયરૂપ થઈ કચ્છને મળેલ મહાબંદરના વિકાસમાં ફાળો આપ્યો.
- ઈ.સ. ૧૯૪૫માં પોલીસ ઓફિસરોની શૂટીંગ સ્પર્ધામાં બીજા ક્રમાંકે આવ્યા.
- દાદરમાં શિતલનાથ જિનમંદિરસહ ધાર્મિક સંકુલ વિકસાવ્યું.
- ઈ.સ. ૧૯૬૨માં જૈન ન્યાય તત્વજ્ઞાનના મહાગ્રંથ "દ્વાદશ સાર નય"ના પ્રકાશની જવાબદારી સંભાળી.

## હાર્દિક અભિનંદન !







**ચિ. હાર્દિક શરદ શાહ (ખોના) (કોઠારા - સાંગલી)**

(જન્મ તા.૨૮-૦૩-૧૯૮૮)

Graduation : B.E. (Chemical) D.J. Sanghvi College of Engineering, Mumbai (2009)
Post Graduation : M.B.A. (Family Managed Busiens)
S.P. Jain Institue of Management & Research, Mumbai. (2011)

આ શૈક્ષણિક સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા.

હાલ ફેમિલી બિઝનેસમાં જોડાયેલ છે.

**-: શુભાશિષ :-**

દાદાણાં : **શ્રી માણેકજી રતનશી જેઠાભાઈ ખોના પરિવાર** (સાંગલી)
**શ્રી કલ્યાણજી જેઠાભાઈ ખોના પરિવાર** (કચ્છ)
નાનાણાં : **અ.સૌ. ચંદનબેન મણીલાલ કલ્યાણજી લાલન** (કોડાય-સાંગલી)

# SHAH RATANSHI KHIMJI & CO.

**Turmeric, Oil Seeds, Jaggery & Indian dry Grapes (Raisins)**
**Merchant - Commission Agent**
**Manufacturer of Best Quality Turmeric Polish Finger & Powder**

**Quality Since 1931...**

# M. R. SCION AGRI PROCESSORS (P) LTD.

**(Manufacturer of Dehydrated Vegetables - Fruit Powders - Flakes)**

92 Vasant Market Yard, 2nd Lane, SANGLI - 416416 (MS)
Ph.: 0233-2671313 Fax - 0233-2671515

Emial : info@spicemantra.com, info@shahrkturmeric.com
Visit Us : www.shahrkturmeric.com, www.spicemantra.com
**Vijaybhai - 9822036272 Hardikbhai - 9322199997**
**Sharadbhai - 9822113117 Laxmichand Mama - 9371678789**









**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## પ્રતાપી પુર્વજો : શ્રી દામજી જેઠાભાઈ લોડાયા (સુથરી)

*(નોંધ : ટૂંકા ગાળામાં બેઘરોને ઘર આપાવવાની દામજીભાઈની સિધ્ધિ આજે વધુ પ્રસ્તુત છે. ૧૯૪૪ના એપ્રિલના ધડાકામાં બેઘર બનેલા મસ્જિદ બંદરના જ્ઞાતિજનો અને અન્ય લોકો પોતાનું ઘર મેળવી વ્યવસ્થિત જીવન જીવતા થાય તે માટે વડાલાના આઝાદ નગરમાં ૩૦૦ થી વધુ અને આર્થર રોડના શાંતિ નગરમાં ૩૦૦થી વધુ ઘર બાંધવા જમીન મેળવવા, દાન ફંડ એકઠું કરવા.સરકારી મંજૂરીઓ મેળવવા તથા લોકોને પોતાનું ઘર આપવાનું કામ દામજીભાઈએ દોઢ વર્ષના ગાળામાં પૂરૂં કર્યું. ત્યારે એવા પ્રતાપી પૂર્વજો સલામ કરવાને પાત્ર છે. – **ચંદ્રસેન મોમાયા**)*



શ્રી દામજીભાઈનો જન્મ કચ્છના સુથરી ગામે ૨૮મી જૂન ૧૯૧૧નાં રોજ થયો. પિતાનું નામ જેઠાભાઈ લધાભાઈ લોડાયા, માતાનું નામ હીરબાઈ. ફક્ત ૯ વર્ષની ઉંમરે તેઓ મુંબઈ આવ્યા. અભ્યાસ માટે પંચગીનીની હિંદુ હાઈસ્કૂલમાં દાખલ થયા. મેટ્રિક સુધીનો અભ્યાસ કરી એરફોર્સમાં ભરતી થયા. ૧૯૪૦માં પાયલોટનું લાઈસન્સ મેળવ્યું સને ૧૯૩૨માં કાકા વાલજી લધાના આગ્રહથી રૂ ના ધંધામાં જોડાયા. વેપાર અર્થે વિશ્વપ્રયાસ કર્યો. નસીબે યારી આપી. આજે તેમની જન્મ શતાબ્દી પ્રસંગે તેમને આદરપૂર્વક યાદ કરીએ.

સને ૧૯૪૦માં દામજીભાઈ પોતાના વતન સુથરી ગામે આવ્યા. ભિષણ અને કારમા દુષ્કાળને કારણે કચ્છની પ્રજાનું જીવન વિષય બન્યું હતું. ઢોરોને ખાવાનો ખોરાક પ્રજા ખાતી હતી. દામજીભાઈએ પ્રજાની લાચારી નિહાળી. તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. સુથરીના હમદર્દ પટેલ વેલજી નાગશીએ સમસ્ત વિસ્તારની હૃદયદ્રાવક પરિસ્થિતિથી દામજીભાઈને વાકેફ કર્યા દામજીભાઈએ પોતાનો નિર્ણય જણાવ્યો કે આવતીકાલે જ કચ્છના મહારાવને મળવું છે. મહારાવ વિજયરાજજી સવારના ૯ થી ૧૦ સુધી જાહેર જનતાને મળતા, મારતી મોટરે આવવા છતાં ૧૦ મિનિટ મોડા પહોંચ્યા. મહારાવ રાજમહેલમાં ચાલ્યા ગયા હતા. કારભારીએ જણાવ્યું મહારાવ આવતીકાલે મળશે. આજે સમય પૂરો થયો છે. આવતીકાલે પ્રથમ મુલાકાત તમોને કરાવશું. દામજીભાઈએ કહ્યું. "અમે રાજના કામ માટે આવ્યા છીએ. મહારાવને આજેને આજે મળવું છે. આપ અંદર જઈને વાત તો કરો."

મહારાવ ચાલી રહેલી જીભાજોડી સાંભળી રહ્યા હતા. મળવા આવનાર આગંતુકના શબ્દોમાં રહેલા દર્દને સમજી શક્યા અને બારણું ઉઘાડી પોતે બહાર આવ્યા "આપને કોને મળવું છે? આવો, હું મુલાકાત કરાવું," મહારાવની વિનમ્રતાથી દામજીભાઈ પ્રભાવિત થયા.

દામજીભાઈએ કહ્યું : "કચ્છના પ્રજાજન તરીકે વતન માટે વિકટ સમસ્યા ઉભી થઈ છે તેમાં રાજ્યને સહાયભૂત થવા અમારી રૈયત તરીકેની ફરજ છે તે ફરજ અદા કરવા આવ્યો છું. ગામે ગામ જે તળાવો છે તે ઉંડા થાય તો આવતા વર્ષે તેમાં પાણીનો સંગ્રહ વધુ થશે. જ્યાં જ્યાં રસ્તાઓ નથી ત્યાં સડકો બાંધવા માટીકામ શરૂ કરીશું. અને કામના બદલામાં ધાન આપશું." "ખર્ચનો અંદાજ કેટલો?" મહારાવે સવાલ કર્યો.

"ઓછામાં ઓછા પંદર લાખની તૈયારી સાથે આવેલ છું." દામજીભાઈએ વિનયપૂર્વક મહારાવને જવાબ આપ્યો.

**અષાઢી બીજે શરૂ થતા કચ્છી નવા વર્ષના સૌને હાર્દિક વધામણાં...**

*સજણ શીરો ઘુંટીબો, અજ અષાઢી બીજ,*
*પ્રભુ, અરજ ભસ ઈતરી કે, વરેં વસંધો ડીજ!* – *"તેજ"*

મહારાજે જણાવ્યું કે, "રાજ્ય તરફથી મને માસિક રૂ.૨૫,૦૦૦ મળે છે તે છ માસની રકમ હું આપને રાજ્ય તરફથી આપું છું. માલ ઉપાડવા માટે જરૂરી બે ટ્રક તથા આ કાર્ય અર્થે રાજ્યની મોટર આપના ઉપયોગ માટે વાપરો."

દામજીભાઈ સુથરી આવ્યા. રૂની સિઝન માટે દેશાવર જતાં જ્ઞાતિબંધુઓને એકત્ર કર્યા. તેમણે કહ્યું કચ્છ ઉપર આવેલ આફતમાં સૌના સહકારની જરૂર છે. સૌ ભાઈઓએ સહકારની ખાતરી આપી અને રાહત કાર્યનો દોર શરૂ થયો. વહાણો, સ્ટીમરો દ્વારા મુંબઈ અને કરાંચીથી અનાજ અને ઢોરો માટે ચારો લાવવામાં આવ્યા. અશક્ત ભાઈબહેનો જેમનાથી કામ ન થઈ શકે તેમને મદદ આપવામાં આવી. ભવિષ્યને નજર સમક્ષ રાખી તળાવો ખોદવાનું કામ શરૂ થયું. રસ્તાઓના સર્વે માટે રાજ્યનો અધિકારીઓને હુકમો કરવામાં આવ્યા. દુષ્કાળનું વર્ષ પુરું થયું. દુષ્કાળના વર્ષમાં કચ્છના પ્રજાજન તરીકે રાજ્યસ્તરે આઠ મહિના સેવાઓ આપી તે બદલ મહારાજે દામજીભાઈના જાહેર સન્માનનો કાર્યક્રમ રાખ્યો. મહારાવે કચ્છ રાજ્ય વતી "રાજરત્ન"ની પદવીથી નવાજ્યા.

સને ૧૯૪૭માં કરાંચીથી ભારત આવેલા સિંધી નિરાશ્રીતોને કચ્છમાં વસાવવા માટે કંડલા વિસ્તારની ૪૦૦ એકર જમીન સિંધી રિસેટલમેન્ટ કોર્પોરેશનને (SRC) આપવા માટે કચ્છ રાજ્યને સમજાવવા દામજીભાઈએ અગ્રગણ્ય ભુમિકા ભજવી. સને ૧૯૫૨માં કંડલા બંદરની પાયાવિધિ ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુના હસ્તે થઈ. કંડલા પોર્ટ ડેવપમેન્ટ કમિશનર તરીકે બંગાળી અધિકારી મિત્રા નીમાયા. સ્થાનિક ભાષાની જાણકારીના અભાવ અને વિષમ પરિસ્થિતિમાં દામજીભાઈ કમિશનર મિત્રાની મદદે આવ્યા.

સને ૧૯૫૯માં વાવાઝોડા, અતિવર્ષાનું સંકટ કચ્છ ઉપર આવ્યું. ચોવીસ કલાકમાં તોફાની પવન સાથે ૩૦ ઇંચ એકધારો વરસાદ થયો. ગામો વિખૂટા પડી ગયા. કેટલાય ઢોરો તણાઈ ગયા. ગરીબોના ઘરો ધરાશાયી બન્યા. આ સમાચાર મુંબઈ પહોંચ્યા અને "સંકટ નિવારણ સમિતિ" મુંબઈના પ્રતિનિધિ તરીકે દામજીભાઈ અબડાસા વિસ્તારમાં આવ્યા. દિવસ અને રાત જોયા વગર લગભગ અઢી માસ સુધી તેમણે કામ કર્યું. સરકારી તંત્ર સાથે સુમેળ સાધી પ્રજાના ઉત્કર્ષની જવાબદારી નિભાવી.

સુથરીમાં સરકારી શાળા સુરૂ કરવા તથા વિનય મંદિરની સ્થાપનામાં દામજીભાઈનો હિસ્સો છે. ભૂજમાં બેંક ઓફ ઇન્ડિયાની શાખા શરૂ કરવા માટે સર ગ્રેને મળ્યા. સર શાંતિદાસ આસકરણના સંબંધો થકી ભૂજમાં બેંક ઓફ ઇન્ડિયાની શાખા શરૂ થઈ.

સને ૧૯૪૪માં મુંબઈની ગોદીમાં થયેલા ધડાકા પ્રસંગે મસ્જિદબંદરના મુખ્ય વેપારી વિસ્તારો, દાણાબંદર, સેમ્યુઅલ સ્ટ્રીટ, જંજીકર સ્ટ્રીટ, ભાતબજાર, કર્નાક બ્રિજના વિસ્તારો આગમાં લપેટાઈ ગયા. મુંબઈના ગવર્નર સર જોન વીલે ગવર્નરે ડેપ્યુટી કમિશનર મિ. ટોમને સૂચના આપી કે દામજીભાઈ જે પ્રમાણે આયોજન કરે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવો. આ કામગીરી સતત ૩ માસ સુધી ચાલી. તારાજ થયેલા પરિવારોને થાળે પાડવા માટે "સિટીઝન ઇમરજન્સી રિલીફ કમિટી" નિમવામાં આવી જેમાં સભ્ય તરીકે નિમાયા. દામજીભાઈ જેઠાભાઈના પ્રયાસે એક વર્ષનાં ટુંકા ગાળામાં વડાલા ખાતે આઝાદનગરમાં ૩૦૦ મકાનો તથા આર્થરરોડ શાંતિનગરમાં ૩૦૦ ઘર બાંધી બેઘર પરિવારોને રહેઠાણ આપવામાં આવ્યા. સાથે દરેક પરિવારને ૫ થાળી, ૫ વાટકા, ૫ ગ્લાસનો સેટ તથા રોકડા રૂ.૨૫૦ આપવામાં આવ્યા.

સને ૧૯૪૫માં પોલીસ ઓફિસરોની શૂટિંગ સ્પર્ધામાં બીજા ક્રમે આવ્યા અને "સિટી પોલીસ ક્લબના સભ્ય બન્યા. ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૫ના રોજ રાજ્ય સરકારે જે.પી. (જસ્ટિસ ઓફ પીસ) ઓનરરી મેજિસ્ટ્રેટનો ખિતાબ આપ્યો. તા.૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ બ્રિટિશ કેન્દ્ર સરકારે વાઈસરોય લોર્ડ માઉન્ટ બેટનના "રાવ બહાદુર"નો ખિતાબ એનાયત કર્યો. સને ૧૯૪૯થી ૧૯૫૨ સુધી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓમાં બી વોર્ડમાંથી ચૂંટાયા સને ૧૯૪૭માં નેશનલ ઇન્સ્યુરન્સ કાં.ની એડવાઈઝરી બોર્ડમાં ડાયરેક્ટર નિમાયા. સને ૧૯૪૭માં જ્ઞાતિના પ્રથમ સંમેલનમાં પણ તેમણે સેવાઓ આપી.

મુંબઈના સફાઈ કામદાર ખાસ કરીને હરિજનોને મુંબઈ વિસ્તારમાં રહેઠાણની સગવડો આપવામાં આવી હતી. તે રહેઠાણો પાછા લેવામાં આવતાં હરિજનોને રહેઠાણની સમસ્યા ઉભી થઈ. ઘાટકોપર વિસ્તારનાં રમાબાઈ કોલોનીના નામે ઓળખાતો વિસ્તાર જે ખાલી પ્લોટ હતો તે મુખ્ય પ્રધાન વસંતરાવ નાયકને ફોન કરીને એ પ્લોટ હરિજનોને ફાળવવા તેઓ સમજાવી શક્યા. આ શ્રેય દામજીભાઈના ફાળે જાય છે.

સને ૧૯૪૯માં અનાજની તંગીને કારણે ૨૫થી વધુ માણસોનો જમવા પર પ્રતિબંધ હતો. કાયદાની રૂએ આયંબિલ તપ કરનારા પણ કાયદાના પ્રતિબિંધમાં આવે

એવા સરકારી નિયમોમાં ફેરફાર કરાવી અને આયંબિલ ચાલુ રાખવવામાં દામજીભાઈનો મુખ્ય હિસ્સો હતો.

સને ૧૯૫૫માં મુંબઈ વિધાનસભામાં રજુ થયેલ ધી બોમ્બે ચાઈલ્ડ સંન્યાસ દીક્ષા રિસ્ટ્રેઈન્ટ એક્સ, બેગર્સ રૂલ, અને પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦)ના કાયદાઓથી જે ધાર્મિક અને સામાજિક પ્રશ્નો ઉભા થતા હતા તેની અસરકારક રજુઆત અન્ય જૈન આગેવાનો સાથે રહી કરી અને કાયદામાં ફેરફાર કરાવ્યા.

દાદરના પશ્ચિમમાં ૩૩૦૦ વારનો વિશાળ પ્લોટ લઈ તેમાં શિતલનાથ દાદા જિનાલય સાથે ઉપાશ્રય, જ્ઞાનમંદિર, ધાર્મિક, લાઈબ્રેરી, જ્ઞાનભંડાર અને સાધુ સંતો માટે તમામ વ્યવસ્થા રહે તેવું સંકુલ બંધાવ્યું અને ૧૯૯૨માં જૈન ન્યાય અને તત્ત્વજ્ઞાનનાં મહાનગ્રંથ દ્વાદયસાર નય ચક ગ્રંથના પ્રકાશનની તમામ જવાબદારી દામજીભાઈએ સંભાળી અને તેનું ઉદ્‌ઘાટન ભારતના તે વખતનાં ઉપપરાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણના વરદહસ્તે થયું. ચેમ્બુર તથા થાણાના ભવ્ય જિનાલયોને બાંધકામ ઝગડાઓના કારણે અટકી પડ્યું હતું. શેઠ માણેકલાલ ચુનીલાલ સાથેના સંબંધોના કારણે ટ્રસ્ટીઓને સમજાવી અધુરું કામ પૂરું કરાવવામાં દામજીભાઈનો ફાળો સવિશેષ હતો.

સને ૧૯૭૭માં દુબઈના શેખના બહેન શેખાના પુત્ર શેખ કુટીને અસાધ્ય બીમારી થઈ. જૈન ધર્મગુરૂ સાથેના સંપર્કો દ્વારા માર્ગદર્શન આપવા દામજીભાઈને દુબઈના શેખનું આમંત્રાણ મળ્યું. સને ૧૯૮૮માં મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી સ્પેશિયલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પદવી આપવાં આવી. તેમની સેવાઓ ફક્ત જ્ઞાતિસ્તરે ન રહેતાં જૈન સમાજ સ્તરે વિકસી. દાદરની વેપારી તથા સામાજિક સંસ્થાઓ દ્વારા તેમનું જાહે સન્માન થયું અને "દીનબંધુ" ના ખિતાબથી નવાજવામાં આવ્યા.

***સં. - દેવેન્દ્ર પટેલ*** ***("સંદેશ"માંથી સાભાર)***






## કાવ્ય-પ્રકાશ:પ્રકાશ કી કીરણ જબ સામને આયેગી

સન્માન કૈસે કરેં ઉન ડૉક્ટરોંકા જો દૌલતકે નામપર બીકતે હૈં
જો બેદર્દ બનકર મરીજોં કો નોચને કી હિમાયત કરતે હૈં
મરીજ કા પરિવાર ડૉક્ટર કો ભગવાન માનતા હૈં.
લેકીન "ભગવાન" બેવજહકી જાંચ કરવાકર કમીશન ખાતા હૈ.
અસ્પતાલમેં ભર્તીકર મરીજકો અપની કમાઈકા સાધન બનાતા હૈ
વીજીટ ફીસ કે નામપર અપને સારે ખર્ચે નીકાલતા હૈ
વીદેશી કમ્પનીકે હાથોં બીકકર ઉનકી મંહગી દવાઈ ચલાતા હૈ
ડ્રગ્સ કી ટ્રાયલ લેકર ઈન્સાન કો જાનવર કી તરહ ઈસ્તેમાલ કરતા હૈં
દો પેશે ઐસે હૈં જીનમેં પૈસા નહિ ઈમાન દેખા જાતા હૈ.
જીસમે લોગો કો રહનુમા ઔર ભગવાન નજર આતા હૈ
એક તો વો ફૌજી જો સીમાઓં પર હિફાજત કરતા હૈ
એક વો ડાક્ટર જો દર્દકા રહનુમા બનકર અપની ઝોલી ભરતા હૈ
શર્મ કે ગર્તે મેં ડુબ ચુકે ઈસ પેશે કો બચાના હોગા,
બાઝાર બન ચુકે અસ્પતાલોં કો મંદિર બનાના હોગા!
જબ ઈમાનકો બાઝાર બનાઓગે તો સન્માન કહાંસે પાઓગે?
ધુલસે ભરે આયને મેં અપના પ્રતિબિમ્બ કૈસે દેખ પાઓગે?
કુછ બરસો બાદ આપ ભી રિટાયર હો જાયેંગે
પ્રકાશ કિરણ જબ સામને આયેગી તો અપના મુહ કહાં છીપાઓગે

– ***સં. ચીમનલાલ ડી. મોમાયા*** (સેંઘવા)


## કચ્છ-સાંયરા ખાતે ખેતર વેચવાનું છે

સાંયરામાં બસ સ્ટેન્ડથી દસ મીનીટના અંતરે આવેલ **રતન બાગ**-જુની શરત નં.૨૮૯ (સાંયરા સીમ) એરીયા ૬.૭૫ એકર આશરે પોણા સાત એકર વેચવાનું છે. ૫મી જુલાઈ ૨૦૧૨ સુધી ઓફર મળે તો આપણા જ્ઞાતિજન પરિવારને પ્રથમ પસંદગી અપાશે. ત્યારબાદ કોઈપણ જૈન અગર અન્યોની ઓફર આવકારવામાં આવશે.

સંપર્ક : **સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

**મો. 093240 11105 / 080806 11005 / 099697 25361**

મુલરત્ન, ૩૩૪, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૯

## વનિતા વિશ્વ : જાગૃતિની ક્ષણ – સન્માન જાય છે ભારતીય કાર્યરત મહિલાને – પ્રવિણચંદ્ર શામજી ધરમશી (સુરત)

થોડા દિવસ પહેલાં હું ટી.વી. પર કોઈ બીઝનેસ ચેનલ પર એવોર્ડ ફંક્શનનો કાર્યક્રમ જોઈ રહ્યો હતો. જેમાં ઉદ્યોગધંધાના ઉચ્ચ અધિકારી જેમકે ચેરમેન, ચીફ એક્જીક્યુટીવ ઓફિસર, પ્રેસીડન્ટ, મેનેજીંગ ડાયરેક્ટર વગેરેનું તેમની સિધ્ધિઓ બદલ "બેસ્ટ મેનેજર ઓફ ધ ઈઅર"ના સન્માનથી નવાજવામાં આવતા હતા, મને વિચાર આવ્યો કે ખરેખર આ લોકો આ સન્માનનું લાયક છે ખરા?" મેં પોતે ઈન્ડસ્ટ્રીઝમાં ત્રણ દાયકા સુધી કામ કરેલ છે તેથી મને ખબર છે કે આ કહેવાતા ઉચ્ચ અધિકારીઓ ખરેખર શું કામ કરે છે?

મારા "બોસ" જે "જનરલ મેનેજર" હતા તે મારા મિત્ર બની ગયા હતા. તેણે એક વખત સ્વીકારેલ કે તે પોતે મોટા ભાગે સામાન્ય જેવા જ કામો કરે છે અને વિશેષ કાળ જેમાં વિશેષ જ્ઞાન, અનુભવ કે કૌશલ્યની જરૂરત હોય તે જે તે વિભાગના અધિકારી કરે છે. તેમણે કટાક્ષ કર્યો કે, "જનરલ મેનેજર એ એવી વ્યક્તિ છે જે માત્ર સામાન્ય કામ જ કરે છે અને કોઈ મુકરર કામ કે જવાબદારી નથી સ્વિકારતો, આવા ઉચ્ચ અધિકારીઓ માટે હું એક જ શબ્દ વાપરીશ **સી.ઈ.ઓ.** મોટા ભાગે આ સી.ઈ.ઓ. પાસે ખુબજ વ્યાપક સત્તા અને અધિકારો હોય છે. તેમજ તેમની પાસે વિશેષ સુવિધાઓ પણ હોય છે જેમ કે એ.સી. કેબીન, શોફરવાળી કાર, સેક્રેટરી તથા તેમની સેવા અને સરભરામાં અન્ય ઘણા વિભાગો હોય છે. તેઓ જરૂર પડે કોઈ પણ વ્યક્તિની મંજૂર થયેલી રજા નામંજૂર કરી શકે છે અને નોકરી પણ છીનવી શકે છે. તેઓ પોતે ભાગ્યે જ કોઈ કામ કરે છે, મોટા ભાગે તે કામ કરાવે છે. આટલી બધી સત્તા, સગવડો અને સવલિયતના સહારે જો કોઈ સિધ્ધિ તે પ્રાપ્ત કરે તો શું તેમનું સન્માન યોગ્ય છે? આ પ્રશ્ન મેં મારી જાતને જ પૂછ્યો. આ પ્રશ્નનો મારો નિખાલસ અને પ્રમાણિક જવાબ છે **ના** તો યક્ષપ્રશ્ન છે : કોણ આવા સન્માનને લાયક છે?"

હું આ પ્રશ્નના ઉત્તર માટે વિચારી રહ્યો હતો ત્યારે જાગૃતિની ક્ષણે મને આ પ્રશ્ને ઉત્તર મળ્યો. "ભારતિય કાર્યરત મહિલા" મારી પત્નિ, મારી પૂત્રી અને મારી પુત્રવધુ આ ત્રણે કાર્યરત મહિલાઓ છે. મેં તેમને લગભગ બધાજ કામ એક હાથે કરતાં જોયા છે. સમયની સાથે ભાગતાં ભાગતાં કે લડતાં લડતાં. મોટા ભાગના કામો કરે છે જેમકે રસોઈ બનાવવી, ખરીદી કરવી, ઘરની સાફ સફાઈ કરવી, બિલોની ચૂકવણી કરવી, બાળકો અને વડીલોની સંભાળ લેવી, પૈસાનો હિસાબ રાખવો, બાળકોને સ્કુલ માટે તૈયાર કરવા, તેમને ભણાવવા વગેરે. આ સૂચી ખુબ જ લાંબી થઈ શકે છે. આપણી વ્યસ્તતા વચ્ચે મહેમાનોની આગતા સ્વાગતતા કરવી, સામાજીક પ્રસંગો અને વહેવારો સાચવવા તે ઉપરાંત પોતાની નિંદ્રાના સમયમાં કાપ મૂકીને પણ ઓફિસ કે સ્કુલનું કામ, તથા નવું જ્ઞાન, કૌશલ્ય અને સમાચારપત્રો વાંચીને પોતાની જાતને બને તેટલું "અપ ડેટ" રાખવા માટે સંઘર્ષ કરતા મેં જોયા છે. આઠ કલાકની નિંદ્રા તેમના માટે સ્વપ્ન છે. વૈભવ છે.

કેટલાક કામો માટે તેમને કામવાળીનો ટેકો હોય છે. પણ કામવાળી ગમે ત્યારે વગર કહે કે અગાઉથી જાણ કર્યા વગર ગેરહાજર રહે ત્યારે વધારાના કામ પણ તેઓ જ કરે છે. શરીર સાધારણ અસ્વસ્થ હોય કે થાકીને લોથપોથ થઈ ગયા હોય તો પણ મોટાભાગનાં કામો કરી જ નાખે. તમને નથી લાગતું કે આ કાર્યરત ભારતીય મહિલાને માત્ર એકજ વર્ષ માટે પણ આખી જીંદગી માટે આવા સન્માનના હક્કદાર છે? મારા જ પ્રશ્નનો આ ઉત્તર છે.

હું ગૃહકાર્યની સાથે સાથે કાર્યરત સર્વે ભારતીય મહિલાઓને તેમના સુચારૂ સંચાલન માટે સલામ કરું છું તેઓ માત્ર સંચાલન નહીં પણ મોટા ભાગનાં કામો જાતે જ કરી નાખે છે. મેં આ સન્માન માટે માત્ર ભારિતય કાર્યરત મહિલાને પસંદ કરેલ છે કારણ કે પરદેશમાં કાર્યરત મહિલાઓ "ટીન ફુડ" કે રેડી ટુ કુક" અને હવે તો રેડી ટુ ઈટ ખોરાકનો ઉપયોગ કરે છે જ્યારે ભારતિય માનસિકતા પ્રમાણે ભારતિય મહિલાઓ મોટા ભાગે તાજું, ગરમાગરમ ભોજન કટુંબને પીરસે છે કેટલાક ભોજનપ્રેમીઓતો જો ખોરાકમાંથી વરાળ નીકળતી હોય તેટલો ગરમ ખોરાક હોય તો જ ભોજન કરવાનો આગ્રહ રાખે છે!

હું આ લેખ દ્વારા મહિલાઓને સંદેશ છે કે keep it up. કદાચ મારો આ લેખ વાંચીને તમારા પરિવારમાંથી કોઈ એકાદ વ્યક્તિ પણ તમે તમારા પરિવાર માટે જે ભોગ આપો છો જે સંઘર્ષ કરો છો તેની નોંધ લઈને તમને મદદરૂપ થશે.

એક ભાઈ ત્રણ પોપટ વેંચી રહ્યા હતા. આ પોપટ મનુષ્યની ભાષા બોલી અને સમજી શકે એવા હતા. પોપટની કિંમત ₹૫૦૦૦, ₹૭૦૦૦ અને ₹૧૦,૦૦૦ હતી. કોઈ જીજ્ઞાસુએ વેપારીને આ ત્રણ અલગ અલગ ભાવ રાખવાનું કારણ પુછ્યુ. વેપારીએ સમજાવ્યું "૫૦૦૦ રૂા. વાળો પોપટ કમ્પ્યુટર ચલાવી જાણે છે. ₹૭૦૦૦ વાળો પોપટ કમ્પ્યુટરની સાથે સાથે ઈન્ટરનેટ પણ વાપરી શકે છે જ્યારે ₹૧૦,૦૦૦ વાળો પોપટ વરિષ્ઠ પોપટ છે. નથી તેને કમ્પ્યુટર આવડતું કે નથી ઈન્ટરનેટનું જ્ઞાન પણ બાકીના બન્ને પોપટ તેને **"સર"**નું સંબોધન કરે છે અને તે જે કહે તે આ બન્ને પોપટ કરે છે તે "સી.ઈ.ઓ." છે. તે બોસ છે હા! હા! હા!

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥ ॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥

॥ તં દેવ દેવમહિઅં શિરસા વંદે મહાવીરં ॥

શ્રી અચલ (વિધિપક્ષ)ગચ્છ શણગાર શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદયસાગરસૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી વર્ધમાન નગરે

**(માધાપર-ભુજોડી હાઈવે) ના આંગણે**

## શ્રી ભૂજ અચલગચ્છ જૈન સંઘના પ્રાંગણે

પ્રાચીન શ્રી ભદ્રેશ્વર મહાતીર્થ પ્રતિષ્ઠાપક,

અખંડ ૪૪-૪૪ વર્ષીતપના આરાધક, તપસ્વીરત્ન,સંઘશિરછત્ર,

**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

જ્યોતિષાચાર્ય પ.પૂ.ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.આદિઠાણા-૮ ના

## ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે

સાજન મહાજન સૌને પધારવા



ચાતુર્માસ-પધારનારા-પૂજ્યો...

# આત્મીય આમંત્રણ

**ચાતુર્માસ પ્રવેશદિન** | વિ.સં.૨૦૬૯ આષાઢ સુદ-૬, રવિવાર, તા.૨૪-૬-૨૦૧૨



## અંતરોદ્ગાર

અચલગચ્છની
સુવિહિત પાટપરંપરાના પૂજ્ય ગુરુદેવોની અસીમકૃપા
અમારા શ્રી સંઘપર સદા અરસતી રહી.. જેના પરિણામે
અમારા શ્રી સંઘમાં અજોડ પ્રભાવશાળી **પૂજ્ય દાદાશ્રી**
**કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. મહાન ક્રિયોધ્ધારક**
**પૂજ્ય દાદાશ્રી ગૌતમસાગરજી મ.સા.પૂજ્ય દાદાશ્રી**
**નીતિસાગરજી મ.સા.** આદિ પૂજ્યોની વૈયાવચ્ચભક્તિનો
મહાન લાભ શ્રી સંઘને પ્રાપ્ત થતો રહયો. તે તે સમયની
ગચ્છની સત્પ્રવૃતિઓનું કેન્દ્રબિંદુ સદાય અમારો શ્રી સંઘ
રહયો હતો.છેલ્લા કેટલાય વર્ષોના ઈતિહાસ બાદ
આજ એ સુવિહિત પાટ પરંપરાના પૂજ્ય
શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રેરક,રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ના પ્રતાપી પટધર
શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રતિષ્ઠાપક, તપસ્વીરત્ન,
**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
**પોતાના વિશાળ શિષ્ય પરિવાર** સાથે અમારા શ્રી સંઘની અતિ
આગ્રહભરી વિનંતીને માન આપી ચાતુર્માસાર્થે પધારી રહયા છે ત્યારે
અમારા અંતરે આનંદનોસાગર ઉમટી -છલકી રહયો છે.આબાલ-
વૃધ્ધ સકલ શ્રી સંઘના હૈયે એકજ નાદ છે કે,

ગુરુવર પધરામણીએ ઘેર ઘેર આનંદ..આનંદ...
કચ્છ ગુજરાતની જૈનોની વિશાળ વસાહત
વર્ધમાનનગરના આંગણે ગુરુદેવોના પુન્ય પદાર્પણે રંગ
તપ જપ આરાધના ભક્તિનો...
સકલશ્રી સંઘ પામશે લાભ ગુરુદેવની અખૂટશક્તિનો...













શ્રી બહુંતેર જિનાલય મહાતીર્થ પ્રતિષ્ઠાપક, તપસ્વીરત્ન,અચલગચ્છાધિપતિ

**પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

- ધ્યાનમૂર્તિ-જ્યોતિષાચાર્ય પ.પૂ.ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.
- શાંતમૂર્તિ,શ્રી ગુણોદયતીર્થધામ-સોનગઢના પ્રેરક પ.પૂ.મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા.
- સૌમ્યમૂર્તિ પ.પૂ.મુનિરાજશ્રી મલયસાગરજી મ.સા.
- પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.
- ક્રિયામૂર્તિ પ.પૂ.મુનિરાજશ્રી રત્નાકરસાગરજી મ.સા.
- જ્ઞાનમૂર્તિ પ.પૂ.મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.
- તપોમૂર્તિ પ.પૂ.બાલમુનિશ્રી અર્હમુતાસાગરજી મ.સા. આદિઠાણા-૮

**શ્રી ભૂજ અચલગચ્છ જૈન સંઘ શ્રી વર્ધમાનનગર શ્વેતામ્બર જૈન સંઘ**

**ચાતુર્માસના સાધર્મિકભક્તિના મુખ્યદાતા**

**માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી ચાંપશી છેડા સમસ્ત પરિવાર કાંડાગરાવાલા**

**હ.અ.સૌ.હંસાબેન તારાચંદભાઈ છેડા**

# PATHS ARE MADE BY WALKING

Offbeat Graduation Speech Gets Standing Ovation: 2012's Baccalaureate speaker at the University of Pennsylvania was an unconventional choice for an Ivy League school. To address their newly-minted graduates, aspiring to dazzling careers, they picked a man who has never in his adult life, applied for a job. A man who hasn't worked for pay in nearly a decade, and whose self-stated mission is simply "to bring smiles to the world and stillness to my heart". This off-the-radar speaker launched his address with a startling piece of advice. Following up with four key insights gleaned from a radical 1000 km walking pilgrimage through the villages of India. As he closed his one-of-a-kind Graduation Day speech, the sea of cap and gowned students rose to their feet for a standing ovation. What follows is the abridged transcript. It is an honor and privilege to congratulate you -- UPenn's class of 2012. Right now each one of you is sitting on the runway of life primed for takeoff. You are some of the world's most gifted, elite, and driven college graduates – and you are undeniably ready to fly. So what I'm about to say next may sound a bit crazy. I want to urge you, not to fly, but to – walk. Four years ago, you walked into this marvelous laboratory of higher learning. Today, heads held high, you walk to receive your diplomas. Tomorrow, you will walk into a world of infinite possibilities. But walking, in our high-speed world, has unfortunately fallen out of favor. Yet, walking with intention has deep roots. Native American tribes conduct vision quests in the wilderness; in Europe, for centuries, people have walked the Camino de Santiago, which spans the breadth of Spain. Such pilgrims place one foot firmly in front of the other, to fall in step with the rhythms of the universe and the cadence of their own hearts. Back in 2005, six months into our marriage, my wife and I decided to "step it up" ourselves and go on a walking pilgrimage. At the peak of our efforts with Service Space, we wondered if we had the capacity to put aside our worldly success and seek higher truths. So we sold all our major belongings, and bought a one-way ticket to India. Our plan was to head to Mahatma Gandhi's ashram, since he had always been an inspiration to us, and then walk South. Between the two of us, we budgeted a dollar a day, mostly for incidentals -- which meant that for our survival we had to depend utterly on the kindness of strangers. We ate whatever food was offered and slept wherever place was offered. For us, this walk was a pilgrimage -- and our goal was simply to be in a space larger than our egos, and to allow that compassion to guide us in unscripted acts of service along the way. Stripped entirely of our comfort zone and accustomed identities, could we still "keep it real"? That was our challenge. We ended up walking 1000 kilometers over three months. In that period, we encountered the very best and the very worst of human nature -- not just in others, but also within ourselves. Soon after we ended the pilgrimage, my uncle casually popped the million dollar question at the dinner table: "So, Nipun, what did you learn from this walk?" I didn't know where to begin. But quite spontaneously, an acronym -- W-A-L-K -- came to mind, which encompassed the key lessons we had learned, and continue to relearn, even to this day. The W in WALK stands for Witness. When you walk, you quite literally see more. Your field of vision is nearly 180 degrees, compared to 40 degrees when you're traveling at 62 mph. Higher speeds smudge our peripheral vision, whereas walking actually broadens your canvas and dramatically shifts the objects of your attention. For instance, on our pilgrimage, we would notice the sunrise everyday, and how, at sunset, the birds would congregate for a little party of their own. Instead of adding Facebook

friends online, we were actually making friends in person, often over a cup of hot “chai”. Life around us came alive in a new way. As we traversed rural India at the speed of a couple of miles per hour, it became clear how much we could learn simply by bearing witness to the villagers' way of life. Their entire mental model is different -- the multiplication of wants is replaced by the basic fulfillment of human needs. When you are no longer preoccupied with asking for more and more stuff; then you just take what is given and give what is taken. Life is simple again. A farmer explained it to us this way: "You cannot make the clouds rain more, you cannot make the sun shine less. They are just nature's gifts -- take it or leave it." When the things around you are seen as gifts, they are no longer a means to an end; they are the means and the end. And thus, a cow-herder will tend to his animals with the compassion of a father, a village woman will wait 3 hours for a delayed bus without a trace of anger, a child will spend countless hours fascinated by stars in the galaxy, and finding his place in the vast cosmos. So with today's modernized tools at your ready disposal, don’t let yourself zoom obliviously from point A to point B on the highways of life; try walking the backroads of the world, where you will witness a profoundly inextricable connection with all living things. The A in WALK stands for Accept. When walking in this way, you place yourself in the palm of the universe, and face its realities head on. We walked at the peak of summer, in merciless temperatures hovering above 120 degrees. Sometimes we were hungry, exhausted and even frustrated. Our bodies ached for just that extra drink of water, a few more moments in the shade, or just that little spark of human kindness. Many times we received that extra bit, and our hearts would overflow with gratitude. But sometimes we were abruptly refused, and we had to cultivate the capacity to accept the gifts hidden in even the most challenging of moments. I remember one such day, when we approached a rest house along a barren highway. As heavy trucks whizzed past, we saw a sign, announcing that guests were hosted at no charge. “Ah, our lucky day,” we thought in delight. I stepped inside eagerly. The man behind the desk looked up and asked sharply, “Are you here to see the temple?” A simple yes from my lips would have instantly granted us a full meal and a room for the night. But it wouldn’t have been the truth. So instead, I said, no sir. We’re on a walking pilgrimage to become better people. But we would be glad to visit the temple.” Rather abruptly, he retorted: “Um, sorry, we can’t host you.” Something about his curt arrogance triggered a slew of negative emotions. I wanted to make a snide remark in return and slam the door on my way out. Instead, I held my raging ego in check. In that state of physical and mental exhaustion, it felt like a Herculean task-- but through the inner turmoil a voice surfaced within, telling me to accept the reality of this moment. There was a quiet metamorphosis in me. I humbly let go of my defenses, accepted my fate that day, and turned to leave without a murmur. Perhaps the man behind the counter sensed this shift in me, because he yelled out just then, He said, “Look, I can’t feed you or host you, because rules are rules. But there are restrooms out in the back. You could sleep outside the male restroom and your wife can sleep outside the female restroom.” We had no choice but to accept. That day we fasted and that night, we slept by the bathrooms. A small lie could’ve bought us an upgrade, but that would’ve been no pilgrimage. So I encourage you to cultivate equanimity and accept whatever life tosses into your laps -- when you do that, you will be blessed with the insight of an inner transformation that is yours to keep for all of time. The L in WALK stands for Love. The more we learned from nature, and built a kind of inner resilience to external circumstances, the more we fell into our natural state -- which was to be loving. In our dominant paradigm,

Hollywood has insidiously co-opted the word, but the love I'm talking about here is the kind of love that only knows one thing -- to give with no strings attached. Purely. Selflessly. Most of us believe that to give, we first need to have something to give. The trouble with that is, that when we are taking stock of what we have, we almost always make accounting errors. Oscar Wild once quipped, "Now-a-days, people know the price of everything, but the value of nothing." We have forgotten how to value things without a price tag. Hence, when we get to our most abundant gifts -- like attention, insight, compassion -- we confuse their worth because they're, well, priceless. On our walking pilgrimage, we noticed that those who had the least were most readily equipped to honor the priceless. In the villages, your worth wasn't assessed by your business card, professional network or your salary. That innate simplicity allowed them to love life and cherish all its connections. Extremely poor villagers, who couldn't even afford their own meals, would often borrow food from their neighbors to feed us. And I still remember the woman who generously gave us water when we were extremely thirsty -- only to later discover that she had to walk 10 kilometers at 4AM to get that one bucket of water. These people knew how to give, not because they had a lot, but because they knew how to love life. They didn't need any credit or assurance that you would ever return to pay them back. When you come alive in this way, you'll realize that true generosity doesn't start when you have some thing to give, but rather when there's nothing in you that's trying to take. So I hope that you will make all your precious moments an expression of loving life. And lastly, the K in WALK stands for Know Thyself. Sages have long informed us that when we serve others unconditionally, we shift from the me-to-the-we and connect more deeply with the other. That matrix of inter-connections allows for a profound quality of mental quietude. Like a still lake undisturbed by waves or ripples, we are then able to see clearly into who we are and how we can live in deep harmony with the environment around us. Our rational mind wants to rightfully ensure progress, but our intuitive mind also needs space for the emergent, unknown and unplanned to arise. Doing is certainly important, but when we aren't aware of our internal ecosystem, we get so vested in our plans and actions, that we don't notice the buildup of mental residue. Over time, that unconscious internal noise starts polluting our motivations, our ethics and our spirit. And so, it is critical to still the mind. A melody, after all, can only be created with the silence in between the notes. As we walked -- witnessed, accepted, loved -- our vision of the world indeed grew clearer. That clarity, paradoxically enough, blurred our previous distinctions between me versus we, inner transformation versus external impact, and selfishness versus selflessness. They were inextricably connected. When a poor farmer gave me a tomato as a parting gift, with tears rolling down his eyes, was I receiving or giving? When sat for hours in silent meditation, was the benefit solely mine or would it ripple out into the world? When I lifted the haystack off an old man's head and carried it for a kilometer, was I serving him or serving myself? Which is to say, don't just go through life -- grow through life. It will be easy and tempting for you to arrive at reflexive answers -- but make it a point, instead, to acknowledge mystery and welcome rich questions ... questions that nudge you towards a greater understanding of this world and your place in it. That's W-A-L-K. And today, at this momentous milestone of your life, you came in walking and you will go out walking. As you walk on into a world that is increasingly aiming to move beyond the speed of thought, I hope you will each remember the importance of traveling at the speed of thoughtfulness. I hope that you will take time to witness our magnificent interconnections. That you will accept the beautiful gifts of life

even when they aren't pretty, that you will practice loving selflessly and strive to know your deepest nature. I want to close with a story about my great grandfather. He was a man of little wealth who still managed to give every single day of his life. Each morning, he had a ritual of going on a walk -- and as he walked, he diligently fed the ant hills along his path with small pinches of wheat flour. Now that is an act of micro generosity so small that it might seem utterly negligible, in the grand scheme of the universe. How does it matter? It matters in that it changed him inside. And my great grandfather's goodness shaped the worldview of my grandparents who in turn influenced that of their children -- my parents. Today those ants and the ant hills are gone, but my great grandpa's spirit is very much embedded in all my actions and their future ripples. It is precisely these small, often invisible, acts of inner transformation that mold the stuff of our being, and bend the arc of our shared destiny. On your walk, today and always, I wish you the eyes to see the anthills and the heart to feed them with joy. May you be blessed. Change yourself -- change the world. This is a transcript of the Baccalaureate address to UPenn's graduating class of 2012, delivered by Nipun Mehta. Nipun is the founder of ServiceSpace.org, a nonprofit that works at the intersection of gift-economy, technology and volunteerism. His popular TED talk Designing for Generosity provides an overview of their work and guiding principles.

***- Complied by Hans B. Khimji (Matunga)***


**PHONETICS TEACHER TRAINING CERTIFICATE COURSE**

L.N. MEHTA ED. CLASSES, Yogesh Sadan, Hingwala Lane,Ghatkopar(E),Mumbai-77
Phone: 9821255876 / 25014824 / 25014870

| DURATION | DAYS | START DATE | TIME |
|---|---|---|---|
| 1-Week | Monday to Friday | 9th July | 2:00pm-4:00pm. |
| 2- Weeks | Every Mon.Wed.Fri. | 23rd July | 11:00am-1:00pm |
| 2 Months | Every Saturday | 14th July | 2:00pm- 4:00pm |
| 2 days | 2 Sundays | 22nd & 29th July | 12:30pm- 5:30pm |

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**મહાવીર સારીઝ-માટુંગા**

- દેવી બનારસી કોટન વુવન તેમજ ક્રેપ વુવન સારીઝ
- પ્યોર મહેશ્વરી કોટન તેમજ ચંદેરી કોટનમાં બ્લોક પ્રીન્ટ સારીઝ
- ઢાકાઈ તેમજ કલકતી કોટન વુવન તેમજ પ્રીન્ટેડ સારીઝ
- કોટન તેમજ જ્યોર્જટમાં લખનૌ હેન્ડવર્ક ચીકન સારીઝ
- પ્યોર કોટામાં એમ્બ્રોડરી, વુવન તેમજ પ્રીન્ટેડ કોટા સારીઝ
- અવરગંડી તથા વોયલમાં એમ્બ્રોડરી તેમજ પ્રીન્ટેડ સારીઝ
- પ્રીન્ટેડ કોટન તથા પ્રીન્ટેડ ગઢવાલ સારીઝ, પ્રીન્ટેડ સીન્થેટીક સારીઝ
- પ્રીન્ટેડ ટુ×ટુ અરવિંદ ફુલ વોયલ તેમજ પ્રીન્ટેડ સ્વીઝ વોયલ સારીઝ
- વ્હાઈટમાં વ્હાઇટ હકોબા તેમજ એમ્બ્રોડરી વર્ક સારીઝ
- ફેન્સી કોટન ડ્રેસ પીસ તથા વ્હાઈટમાં વ્હાઇટ ડ્રેસ પીસ
- વ્હાઇટમાં વ્હાઇટ "હકોબા" બ્લાઉઝ પીસ

**સંપર્ક : મહાવીર'સ એમ્બ્રોઈડરી**
મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦ ૦૧૯
ફોન : 2402 5070 / 6504 6030
મો. 86522 39537 (રવિવારે બંધ)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા




### "બોલ્યા પછી પણ વિચારો: એક વાચકની પ્રતિક્રિયા

પ્રકાશ-સમીક્ષામાં ઉપરોક્ત લેખ વાંચીને એક પરિચિત બહેને મને ફોન કરીને પ્રોત્સાહિત કર્યો. તેમણે એક વધારાનો મુદ્દો ઉમેર્યો.

કુટુંબમાં ગૃહિણી મોટા ભાગે સૌથી છેલ્લે જમે છે જેથી જો કોઈ આઈટમ સ્વાદિષ્ટ બનેલ હોય તો કુટુંબનાં અન્ય સભ્યો તે વ્યંજન કે આઈટમ વધારે વાપરે છે તેથી સૌથી છેલ્લે ભોજન કરનાર ગૃહિણી માટે તે વ્યંજન ચાખવા પૂરતું પણ ન રહે! આથી ઉલ્ટું જ્યારે કોઈપણ કારણસર કોઈ વાનગી સ્વાદિષ્ટ ન હોય તો કુટુંબના સદસ્યો તે વાનગીને ઓછી વાપરે છે તેથી ગૃહિણીના ભાગે તે વાનગી વિપુલ પ્રમાણમાં રહે છે અને હવે તેનો કેવી રીતે વપરાશ કરવો કે તેમાંથી બીજું શું બની શકે તે સમસ્યાનાં સામનો પણ તેને જ કરવાનો રહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પરિસ્થિતિ ગમે તે હોય ગૃહિણીને તો સમસ્યા રહે જ છે.

કંઈક આવી જ સ્થિતિ મારા એક અન્ય લેખ "વાસ્તલ્યનો દરિયો-બા"માં પણ ગૃહિણી માટે હતી.. હોટલમાં સારું ભોજન કર્યા પછી "વેઈટર"ને દસ કે વીસ રૂપિયાની ટીપ આપનાર પુરૂષો ઘરમાં સારું ભોજન બનાવનાર અને પીરસનાર સ્ત્રીને પ્રશંસાના બે શબ્દો કહેવાની પણ કંજુસાઈ કરે છે મોટા ભાગની હોટલમાં ભોજન બનાવનાર અને પીરસનાર પુરૂષો જ હોય છે જેમને પ્રશંસા મળે છે પણ આજ કામ ઘરમાં સ્ત્રીઓ કરે છે જેમને ભાગ્યે જ પ્રશંસા મળે છે. આપણી માનસિકતા અજબ છે!

***૮-૬-૧૨ સુરત - પ્રવિણચંદ્ર શામજી ઘરમશી***

### જ્ઞાતિપત્રની અનુમોદનીય સેવા

પ્ર.સ.ના અંક ૨૧ (પાનું ૧૩) પર ગૃહઉદ્યોગ-પ્રોત્સાહન વિષે બહુજ સુંદર અને વિચારણીય માહિતી પ્રગટ થયેલ છે. ધન્યવાદ!

જ્ઞાતિના ઘણાંજ શહેરોમાં વસતા ભાઈ-બહેનો પોતપોતાની આવી પ્રવૃતિની માહિતી ટુંકમાં, મુદ્દાસર (નામ/ફોન નંબર સહિત) મોકલશે તો આવતા સમયમાં દરેક વાંચક પાસે વિવિધ માહિતી એકઠી થઈ શકશે. આવા ૧૦૦-૧૫૦ જણાંની માહિતી ક્રમવાર પ્ર.સમાં છપાય તો ઘણાંને એનો સીધો કે આડકતરો લાભ મળી શકશે આવા ઉમદા વિચારને પ્ર.સ.ના પાને પ્રગટ કરીને આપણું આ લાડીલું સપ્તાહિક જ્ઞાતિને હજી વધુ નજીક લઈ શકશે. જ્ઞાતિહિતનો એક ઉમદા પ્રયાસ છે.

***હુબલી : ૧૦-૬-૧૨ લી. પદમકુમાર ધનજી નાગડા***

### ચારિત્ર્ય લેનારા પણ તિથીઓ ઉજવે છે!

ક્યારેક વિચાર આવે છે કે સાંસારિક જીવો તો ઠીક પણ દીક્ષા અંગીકાર કર્યા પછી પણ કેટલાક સાધુ સંતો વ્યવહારિકપણે એ જન્મ અને અન્ય તિથીઓ આરંભ-સમારંભ કાર્યક્રમ રાખી ઉજવે છે જે અનુચિત લાગે છે. આજે જ્યારે ગરીબોને અન્નનાં વાંધા છે ત્યાં આવા જમણો-કાર્યક્રમો ન ઉજવાય તે અનુમોદનીય અને પ્રેરક છે.

આવી ભૌતિક ઉજવણીઓથી આપણે પર રહીએ અને જ્યાં જરૂરત છે ત્યાં પ્રાથમિકતા આપીએ એજ જીવનની યથાર્થતા છે.

***અમરાવતી ૬-૬-૧૨ હીરજી કુંવરજી જીવાણી***

**જોઈએ છે**

આધેડ વયના મુલુન્ડ રહેતા B.Com. કમ્પ્યુટરની થોડી જાણકારી, અનુભવી વિશ્વાસુ વ્યવસ્થાપક, જ્ઞાતિજનને નોકરીની જરૂરત છે. પગાર અપેક્ષા ₹15000

**સંપર્ક : ફોન - 9833664426**

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO

**ચાતુર્માસ પ્રવેશના પાવન પ્રસંગે આમંત્રણ આપીએ, પધારો સૌ ઉરના ઉમંગે**

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ની દિવ્યકૃપાથી
તપસ્વીરત્ન વર્તમાન અચલગચ્છાધિપતિ શ્રી **ગુણોદયસાગરસૂરિશ્વરજી** મ.સા. ની આજ્ઞા-આશિષે
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ના આજ્ઞા આશિષથી
સાધ્વીમુખ્યા પ.પૂ. **નિરંજનાશ્રીજી** મ.સા. ના શિષ્યા શાસનપ્રભાવિકા પ.પૂ. **પુણ્યોદયશ્રીજી** મ.સા. ના શિષ્યા
પ.પૂ. **સંયમગુણાશ્રીજી** મ.સા., પ.પૂ. **ખંતિગુણાશ્રીજી** મ.સા., બાલસાધ્વી પ.પૂ. **મલ્લિગુણાશ્રીજી** મ.સા.
આદિ ઠાણા ૩ નું ચાતુર્માસ

**• મંગલ પ્રવેશ •**

**અષાઢ સુદ ૩ (ત્રીજ) ગુરૂવાર, તા. ૨૧-૬-૨૦૧૨ ના સવારે ૯.૦૦ કલાકે**
અનંતનાથ દાદાની છત્રછાયામાં થશે
**સામૈયુ : સવારે ૮.૪૫ કલાકે દાણાબંદરથી • નવકારશી : સવારે ૭.૦૦ થી ૮.૦૦**
**નવકારશીના લાભાર્થી : માતુશ્રી માનબાઈ દામજી ખીંચશી મૈશેરી પરિવાર, લાલા-મુલુંડ**

પુણ્યોદય પાંચ મહીનાનું ચાતુર્માસ મળ્યુ છે મંગલમય,
ગુરૂદેવીના સત્સંગે તપ-જપ-આરાધનમાં બનશું તન્મય.

લી. શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - મસ્જીદબંદર • શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડનું ટ્રસ્ટ
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

॥ અતિથી દેવો ભવઃ ॥

## કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિજનો માટે ખાસ....

### ફાર ઈસ્ટ

**થાઈલેન્ડ • મલેશીયા • શીંગાપોર**

₹36666/- + $666/- • દિવસ 10
પ્રસ્થાન : જુલાઈ • ઓગષ્ટ • સપ્ટે.,
• ઓક્ટો.9, 15 • નવે. • 23 ડીસે.

### દુબઈ

**ધ્રો ક્રુઝ • બુર્જ ખલીફા • ડેઝર્ટસ સફારી**

₹16666/- + $299/- • દિવસ 05
પ્રસ્થાન : ઓગષ્ટ • સપ્ટે. • ઓક્ટો.

### શ્રીલંકા-માલદીવ્સ

**કોલંબો • પીનાવાલા • ડોમ્બુલા • સીકેરીયા • મટાલે •**
**કેન્ડી • પેરાદીનીયા • નુવારાએલીયા • હકગાલા • માલે**

₹95555/- • પ્રસ્થાન : ઓગસ્ટ • દિવસ : 09

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

**TAN MAN®**
**TOUR & TRAVELS**

**દાદર • મુલુંડ • પાર્લા**
**Tel.: 9323360708 / 9757290028**
**25903514 / 5 / 6**
**24160708 • 32960708 • 32960708 • 9969540451**
**Email : tanmantravels@yahoo.co.in**

## અભિનંદન – શ્રી પ્રેમચંદ મોતા (કોલકતા)

**કચ્છી કવિ શ્રી પ્રેમચંદ મોતાએ અટકાવેલી ૨૦૦ હળદરના ખેડુતોની સમુહ આત્મહત્યા.**
**લગભગ ૩૫૦૦૦૦ હળદર ખેડુત કુટુંબોને શાહુકારના પંજામાંથી છોડાવ્યા.**



કલકતા શહેરમાં રહીને ખૂબજ વ્યસ્ત રહેનાર, **"ગુજરાતી વ્યાપાર"** તથા **"હિન્દી વ્યાપાર"**ના કટાર લેખક **શ્રી પ્રેમચંદ મોતા** જે મસાલા બજારની કોલમથી છેલ્લા બે વર્ષમાં ખાસ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર તથા ભારતભરના મસાલાના ઇનવેસ્ટરોને હળદરમાં બે વર્ષમાં આવવાવાળી ભયંકર મંદી તથા નાની એલચીમાં મોટી મંદીના એંધાણની અપેક્ષાના ૧૦૦% સાચા સમાચાર પોતાની આત્મસુઝથી પહોંચાડીને વ્યાપારી આલમને ઓછામાં ઓછા રૂ.૨૦૦૦/- કરોડના નુકશાનથી બચાવ્યા. તો બીજી તરફ ગયા વર્ષે મરી તથા લાલ મરચામાં આવેલ મોટી તેજી ના પાકા રીપોર્ટ આપીને મસાલાના વેપારીઓ ને ઓછામાં ઓછા રૂ.૨૫૦૦ કરોડ કમાવી આપ્યા. તેમની મહાનતા તો ત્યારે સિધ્ધિના શીખરે પહોંચે છે કે ૬૬ વર્ષની ઉમરે ખુબજ Busy Life ગુજારતા હોવા છતાં ઠેઠ કલકત્તા બેસીને તામીલનાડુનાં ૧,૩૭,૦૦૦ આંધ્રના ૧,૩૦,૦૦૦ તથા મહારાષ્ટ્રના ૯૦,૦૦૦ હળદરના ખેડુતોના દુઃખ ના આંસુ અટકાવવા તથા રૂપીયા પૈસાની સંકળામણ/તંગી ન ભોગવે અને આપઘાતના માર્ગે ન દોરવાય તે માટે છેલ્લા બે મહીનાથી જે ઝુંબેશ ચલાવી જેની તૈયારી માટે તેઓ ૯ દિવસના લાંબા ઊજાગરા કરીને પણ ભારતના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, વાણિજ્ય મંત્રી, કૃષી મંત્રી, R.B.I. Governor તથા ૪૭૫ M.P.s ઉપરાંત Tamilnadu, Andhra Pradesh અને Maharashtra ના મુખ્યમંત્રીને Regd. A.D. થી વીગતવાર પત્ર લખીને હળદરના ખેડુતોને વરસાદ સમયે પોતાની હળદર સુરક્ષીત રાખવા ઓછા ભાડામાં વેરહાઉસ/ગોદામની સગવડતા કરી આપવા તથા પ્રત્યેક ખેડુતોને Ware House Bond ઉપર ચાલુ વર્તમાન ભાવની ૭૦% રકમની લોન વાર્ષીક ફક્ત ૭% ના વ્યાજના દરે ઉપલબ્ધ કરાવવા ઝુંબેશ ચલાવી અને તે પત્રની Copy ભારતભરના દરેક હળદર ઉત્પાદક મંડીઓના Associationને મોકલી હતી. બધા V.I.P. ને તેઓ Reminders મોકલતા રહ્યા અને જેમાં મુંબઈના વ્યાપાર-જન્મભુમી ગ્રુપે સારો સહકાર આપીને તેમની Appeal ને સારી રીતે Project કરી.

આ બધી મહેનત અને PersonalCampaigning દ્વારા તથા તેમના પોતાના અંગત સારા સંબંધો ઘણા રાજદ્વારી (Political) V.I.P.ઓ સાથે હોવાથી સર્વ પ્રથમ તેમની સલાહ પ્રમાણે કુ. જયલલીતા, તામીલનાડુ મુખ્યમંત્રીએ બધા સરકારી ગોદામ, wrehouseને ખુબજ ઓછા ભાડે દરેક હળદરના ખેડુતોને માલ Stock કરી આપવાનું ફરમાન જારી કર્યું અને સાથે સાથે State Bank તથા ગ્રામીણ બેંકોને શ્રી પ્રણવ મુખર્જીનું બજેટ વખતે રાષ્ટ્રવ્યાપી આપેલ વચનને યાદ કરાવીને ખેડુતોને Bond ઉપરે વર્તમાન ભાવના ૭૦% રૂપીયા, વાર્ષિક ફક્ત ૭%ના વ્યાજે ઉપલબ્ધ કરાવી આપવાની સુચના કરી." જેથી તામીલનાડુના ખેડુતો જેને ચાલુ નીચા ભાવે હળદર નથી વેંચવી તેઓ સરકારી વેરહાઉસમાં માલ સ્ટોક કરાવીને તેનું વેરહાઉસ બોન્ડ લઈને ખેડુતો બેન્કો પાસેથી ૭% ના નીચા વ્યાજે રૂપિયા ઊપાડીને પોતાની મુશ્કેલી દુર કરી રહ્યા છે. તેઓ પહેલા સ્થાનીક શાહુકારો ૩૫%ના વ્યાજે લેતા હતા.. તેવીજ રીતે આંધ્રના Chief Minister પોતાની સરકારી એજન્સી નાબાર્ડ, નાફેડ, A.P. FED વગેરે અર્ધ-સરકારી તથા સરકારી એજન્સીઓને જ્યારે નીઝામાબાદ, વારંગાલ, કેસમુદ્રમ, કડપ્પા, દુગીરાલામાં હળદર રૂ.૨૫/૩૦ પ્રતી કીલો વેંચાઈ રહી હતી ત્યારે ૧૫ દીવસ પહેલા ફરમાન બહાર પાડીને સારી ક્વાલીટી હળદર રૂ.૪૦/- પ્રતી કીલોના ભાવે ખરીદવાનું શરૂ કરતા, ખેડુતો રૂ.૪૦/-માં આંધ્ર ગર્વમેન્ટની Agency ઓને વેંચીને પોતાની આર્થીક મુશ્કેલી દુર કરી રહ્યા છે. આમ એકલા હાથે (પોતાના સ્વખર્ચે) ૮/૧૦ દીવસના ઊજાગરા કરીને દેશના ૩.૫૦ લાખ હળદરના ખેડુતોને અંધકારમય ભવિષ્યમાંથી ઊગારીને આશાનું કીરણ અપાવીને તેમના મુખડા ઉપર આનંદની લહેર લઈ આવ્યા.. જેથી તેમને તામીલનાડુના હળદરના ખેડુત સંગઠને "Friend of Farmers" નો ઇકલાબ આપીને ઈરોડમાં યોગ્ય સન્માન કરવાનું નક્કી કર્યું છે. તેવી જ રીતે આંધ્રપ્રદેશના ખેડુતોએ વારંગલમાં તેમને "ધરતીપુત્ર-મિત્ર"નું યોગ્ય ટાઈટલ આપીને બહુમાન કરવાનું વિચાર્યું છે. જેના માટે વ્યાપાર અને જન્મભુમી ગ્રુપને તથા પ્રેમચંદભાઈને પણ હાર્દિક અભિનંદન.. આવો, આપણે બધા સાથે મળીને જૈન, યુવાહૃદય ધરાવનાર આવા પત્રકાર, લેખક, કવિ તથા કરીયાણાના અગ્રણી Broker શ્રી પ્રેમચંદ મોતાની One Man Armyમાં જોડાઈને તેમને લાખો નહીં, કરોડો સૈનીકનું પ્રેરણાબળ પુરૂં પાડીએ.

લિ. અનેક શુભેચ્છકો અને મિત્રો તથા

M/s. Maheshkumar Tribhuvandas Patel, UNJHA (Guj), M/s. Vineeta Trading Co., ERODE (Tamilnadu),
M/s. Sha Madanraj Subhraj, SALEM (Tamilnadu) M/s. Bahadurmal Chowdhury & Sons., NIZAMABAD (A.P.)
M/s. Karani Chillies, WARANGAL (A.P.) M/s. Sureshkumar Satishkumar, SANGLI (Maharashtra)

## પાસ થયા અભિનંદન !



કુ.રૂચિતા ચંદ્રેશ નાગડા
(વડોદરા)
SSC 94.6%



કુ.નેહલ ભરત ઘરમશી
(મુલુન્ડ)
HSC 71.67%



કુ.પ્રણીતા નીતિન લોડાયા
(હૈદરાબાદ)
SSC - 82%



મેહુલ અનિલ નાગડા
(હૈદરાબાદ)
SSC - 83%



ચિંતન વીરચંદ મોતા
(ઘાટકોપર)
MS (I.T.)



આદિત્ય અભય પોલડીયા
(બડગરા)
CBSE(X)CGPA A+%



હાર્દિક શરદ ખોના
(સાંગલી)
B.E. MBA (F.M.B.)



કુ.નિધિ બંકીમચંદ મોમાયા
(હુબલી)
SSLC 70.7%



કુ. નિરાલી રવિ દંડ
(જબલપુર)
CBSE CGPA 9.6 A



કુ. હીરલ ચેતન છેડા
(ડોંબિવલી)
HSC-82.17%



કુણાલ રાજેશ અજાણી
(ચેમ્બુર)
HSC (Com.) - 80%



પ્રેમાંશુ રાજેશ લાલકા
(થાણા)
S.S.C. - 81.45%



સૌ. અમી મિલીંદ પટેલ
(નાગપુર)
B.Ed.-72.5%
(કોલેજમાં પ્રથમ અને યુનિ.માં દ્વિતીય)
પાચ વર્ષ શિક્ષણ વ્યવસાય



ભક્તિ જયેશ અજાણી
(ચેમ્બુર)
HSC (Com.)-70.83%



કુ. હર્નીષા ચંદ્રેશ શાહ
(માટુંગા)
HSC - 80.83%



ચિરાયુષ સંદીપ દંડ
(બેંગલોર)
CBSE(X)-10CGPA A+



કુ.સિદ્ધિ નરેન્દ્ર મોમાયા
(વડોદરા)
SSC - 82%



સ્મીત કમલેશ દંડ
(વડોદરા)
SSC - 66%

| | |
|---|---|
| મનોજ આર. દંડ-નખત્રાણા | B.Ed. 92% |
| એકતા ગૌતમ ઘરમશી બેંગલોર | PUC (I) 84.6% HSC (Com) 80.83% |
| જય જયેશ છેડા-ભાંડુપ | HSC - 78.83% |

### ખાસ સુચના

S.S.C. અને તે પછીના શૈક્ષણિક પરીણામો પુરું નામ, હાલનું ગામ, કોર્સ અને ટકાવારીની માહિતી સહ મોકલવા. ૯૫% કે તેથી વધુના પરીણામવાળાના ફોટા પણ નિશુલ્ક છપાશે. આ સિવાય આપ જાહેરાતરૂપે મોકલી શકો છો.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## ત્રીજી પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલિ

જન્મ
૬-૫-૧૯૩૫



અરિહંતશરણ
૨-૬-૨૦૦૯

**સ્વ. શ્રી છગનલાલ વેરશી લોડાયા**
(મોટીખાવડી)

***સત્કાર્યો તમારા સંસ્કાર હતા,***
***ધર્મમય તમારું જીવન હતું,***
***પરોપકાર તમારું રટણ હતું***
***ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ અને સદ્ગતિ આપે***
***તેવી અમો સૌની અંતઃકરણપૂર્વક પ્રાર્થના...***

✻ શોકાતુર ✻
**ગં. સ્વ. માતુશ્રી મંજુલાબેન છગનલાલ વેરશી લોડાયા સમસ્ત પરિવાર**

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલી

જન્મ
૧૬-૬-૧૯૫૭



અરીહંતશરણ
૧૨-૬-૨૦૧૧

**સ્વ. જતીન મણીલાલ દંડ**
(સાંધવ-ચીંચપોકલી)

*અંજલિ આપતાં શબ્દો ખુટે છે*
*શ્રધ્ધાંજલિ લખતાં શબ્દો તુટે છે*
*કુદરતને ખાટે પડે છે ત્યારે,*
*માયાળુ માનવીના ખજાના લુંટે છે*
*પ્રભુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર*
*આત્માને શાંતિ અને મોક્ષ આપે એજ પ્રભુને પ્રાર્થના...*

**✻ શોકાતુર ✻**
**માતુશ્રી જયાબેન મણીલાલ વશનજી દંડ**
**માતુશ્રી રસીલાબેન પુનમચંદ શાહ**
(સાંધવ-વલ્લભીપુર)

## ભાવભીની શ્રદ્ધાંજલી

વિદાય
૯-૬-૨૦૦૮



(ઉ.વ.૭૦)
સાંધવ

**માતુશ્રી કસ્તુરીબાઈ સોમચંદ લોડાયા**

*આપનો માયાળુ સ્વભાવ અને વાત્સલ્યભાવ સદાય યાદ રહેશે. આપના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના...*

**-: શોકાતુર :-**
પુત્રી - જમાઈ
**લક્ષ્મીબેન શરદ ત્રીકમજી દંડ** (બાયઠ-શેવગાવ)
દોહીત્ર
**સૌ. જયશ્રી જયેશ મહેન્દ્ર પીર** (સુથરી-ડોંબિવલી)
દોહીત્ર-વહુ
**અ.સૌ. કવિતા વીરેન શરદ દંડ**
**ચિ. યોગેન વીરેન દંડ અને ચિ. દુવાંશ જયેશ પીર**
**શ્રી રામજી મેઘજી લોડાયા પરિવાર**
**શ્રી પદમશી મેઘજી લોડાયા પરિવાર** (સાંધવ)

# શ્રી અંબેમાં ધરમશી પરિવાર સુથરી-કચ્છ

શ્રી અંબેમાં ધરમશી પરિવારના ભાવિકોને જણાવવાનું કે શ્રી અંબેમાં ધરમશી પરિવારની સર્વ સાધારણ સભા રવિવાર **તા.૮-૭-૨૦૧૨**ના બપોરે ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુન્ડ (વેસ્ટ)માં યોજેલ છે. તો દરેક ભાવિકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી છે. શ્રી અંબેમાં ધરમશી પરિવારના મુળસ્થાનક શ્રી સુથરી મધ્યે બિરાજમાન કુળદેવી શ્રી અંબેમાના મંદિરની તેરમી વર્ષગાંઠ સવંત ૨૦૬૯ કારતક સુદ ૧૨ (બારસ) **તા.૨૫-૧૧-૨૦૧૨** રવિવારથી કારતક સુદ ૧૫ (પુનમ) **તા.૨૮-૧૧-૨૦૧૨** બુધવાર સુધી ઉજવવામાં આવશે. આ પ્રસંગે આપણા પરિવારના સર્વે કુટુંબીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. તથા નીયાણી બહેનોને સહ પરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ આપીએ છીએ.

**તા.ક.** : રેલ્વેની ટીકીટો હવે ચાર મહીના અગાઉ બુક થાય છે. તો આપ સર્વે આપની ટીકીટો તા.૨૩-૧૧-૨૦૧૨ શુક્રવારના કચ્છ જવા માટે તથા રિટર્ન ટીકીટ તા.૨૯-૧૧-૨૦૧૨ ગુરુવારની સમયસર કઢાવી લેશોજી.

**શ્રી અંબેમાં ધરમશી પરિવાર વતી**

**પંકજ જવેરચંદ ધરમશી**

# શ્રી અજીતનાથ જૈન દેરાસર-ગોરખડી

કાર્યાલય : C/o. પદ્માવતી એન્ટરપ્રાઈઝ, ૧ હુમેરા આર્કેડ, ગ્રાઉન્ડ ફ્લોર, ૨/૪, ઈસરાઈલ મોહલ્લા, સેમ્યુઅલ સ્ટ્રીટ, માંડવી બેંકની સામે, મસ્જીદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

ટે.નં. ૨૩૪૪ ૨૯૧૯ ● ૩૦૯૨ ૧૨૬૮ ● ૫૬૩૪ ૩૬૫૪, ફેક્સ : ૨૩૪૬ ૫૮૨૨

ખુશાલી સાથે જણાંવવાનું કે આ વર્ષે વતનમાં પર્યુષણ પર્વ ઉજવવા નક્કી કરેલ છે. તા.૧૪-૮-૨૦૧૨ થી તા.૨૨-૮-૨૦૧૨ સુધી આપશ્રી જ્ઞાતિજનોને મોડામાં મોડુ તા.૧૩-૮-૨૦૧૨ના આવી જવા વિનંતી છે. જમવાની સગવડતા કરેલ છે. મુંબઈથી તથા બહારગામથી આવતા જ્ઞાતિજનોને રહેવાની તથા આરાધના સગવડતા **મોક્ષ વિશ્રાંતીગૃહ**માં કરવામાં આવેલ છે. ઉપરોક્ત ટાઈમ મુજબ ગામમાં રસોડા બંધ રાખવા. નિયાણી બહેનોને પધારવા ખાસ ભલામણ છે. મુંબઈથી આર્યરક્ષિત વિદ્યાપીઠના ભાઈ કે બહેન કોઈપણ પર્યુષણ પર્વની આરાધના કરવવા આવશે. સવારની નવકારશી, બપોરનું જમણવાર તથા સાંજના ચોવિહારના વ્યવસ્થા રાખેલ છે. જેનો એક દિવસનો નકરો રૂા.૮,૦૦૦ છે. તો આપશ્રી ઉદાર હાથે નામ લખાવવા વિનંતિ છે. અથવા બે કે ત્રણ જ્ઞાતિજનો મળીને નામ લખાવવા વિનંતી છે. સવારની નવકારશી રૂા.૨૦૦૦/-, બપોરનું જમણવાર રૂા.૪,૦૦૦/- સાંજના ચોવિહાર રૂા.૨,૦૦૦. આ મુજબ ખર્ચ છે. તો આ પર્વમાં પધારીને લાભ લેશો. સમય અનુસાર કાર્યક્રમમાં ફેરફાર કરવાનો પ્રમુખશ્રીને અધિકાર રહેશે.

તા.ક. તપસ્યાવાળા માટે ખાસ સગવડતા કરવામાં આવશે.

**પ્રમુખશ્રી શા. બાબુલાલ જીવરાજ લોડાયા તથા ટ્રસ્ટબોર્ડના જય જિનેન્દ્ર**

# નત મસ્તકે અર્પીએ શ્રધ્ધાસુમન...

બાયઠ-શેવગાંવ
ઉ.વર્ષ : ૭૭



સ્વર્ગવાસ
તા.૬-૬-૨૦૦૯

## માતુશ્રી મણીબાઈ ત્રીકમજી ખીમજી દંડ

*મેઘધનુષ્યના સપ્તરંગો પુર્યા અમ આકાશમાં,*
*હરઘડી યાદ આવશો તમે, પ્રસંગ કાર્યોની સુવાસમાં...*

**-: શોકાતુર :-**

| | | |
|---|---|---|
| સાસુ-સસરા | : | માતુશ્રી સોનબાઈ ખીમજી માંયા દંડ (બાયઠ) |
| માતા-પિતા | : | માતુશ્રી લક્ષ્મીબાઈ પદમશી દામજી માંયા (નાગ્રેચા) |
| પુત્રવધુ-પુત્ર | : | અ.સૌ. મધુબેન હરીશ દંડ ● અ.સૌ. લક્ષ્મી શરદ દંડ |
| પુત્રી-જમાઈ | : | અ.સૌ. કલાબેન દિનેશ રામજી લોડાયા (સાંધવ)<br>ગં.સ્વ. નવલબેન જયંતીલાલ વીશનજી મોતા (નલિયા) |
| પૌત્રવધુ-પૌત્ર | : | સ્વ. દીપેશ હરીશ દંડ ● અ.સૌ. કવિતા વીરેન શરદ દંડ |
| પૌત્રી-પૌત્રીવર | : | અ.સૌ. જયશ્રી જયેશ પીર (સુથરી) ● અ.સૌ. જીગ્ના ધર્મેશ મોતા (કુવાપધર) |
| પરપૌત્ર | : | ચિ. યોગેન વીરેન દંડ ● કનક વિરેન દંડ |
| પરદોહીત્ર | : | ચિ. ધ્રુવાંશ જયેશ પીર ● ચિ. રોનક ધર્મેશ મોતા |
| દોહીત્રવધુ-દોહીત્ર | : | અ.સૌ. અલ્પા ચેતન લોડાયા ● અ.સૌ. નીલમ વીલેશ મોતા |
| દોહીત્રી-દોહીત્રીવર | : | અ.સૌ. પલ્લવી ધીરેન ખોના ● અ.સૌ. કવિતા પૂનમચંદ દંડ<br>અ.સૌ. જશ્મીન નિશાંત સોની |
| પરદોહીત્ર-દોહીત્રી | : | ચિ. ગૌરવ, ચી. દર્શના ચેતન લોડાયા |
| જેઠાણી-જેઠ | : | માતુશ્રી હીરબાઈ મેઘજી દંડ ● સ્વ. માલશી ખીમજી દંડ<br>માતુશ્રી ઝવેરીબેન શામજી ખીયશી દંડ (સુથરી) |
| ભાભી-ભાઈ | : | માતુશ્રી રતનબાઈ ચત્રભોજ પદમશી માંયા (નાગ્રેચા-જલગામ) |
| ભત્રીજાવહુ | : | અ.સૌ. નિર્મલાબેન હેમંત ચત્રભોજ માંયા (નાગ્રેચા-જલગામ) |
| ભત્રીજી-વર | : | અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ (સાંધવ) |
| મામી-મામા | : | માતુશ્રી લક્ષ્મીબાઈ શીવજી શામજી પોલડીયા (બાયઠ) |
| વેવાણ-વેવાઈઓ | : | માતુશ્રી ગંગાબાઈ રામજી મેઘજી લોડાયા (સાંધવ)<br>માતુશ્રી મણીબાઈ વીશનજી માણેકજી મોતા (નલીયા)<br>માતુશ્રી સુશીલાબેન વીરચંદ લાલજી લાલકા (બાંઢીયા)<br>માતુશ્રી કસ્તુરીબેન સોમચંદ પદમશી લોડાયા (સાંધવ)<br>અ.સૌ. કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા (સાંધવ)<br>અ.સૌ. મધુબેન દિનેશ લખમશી પનપારીયા (નાગ્રેચા)<br>અ.સૌ. તારાબેન મહેન્દ્ર પુંજાભાઈ પીર (સુથરી)<br>અ.સૌ. નિર્મલાબેન વિનોદ ખેતશી મોતા (કુવાપધર) |

**નિવાસ** : બાપજી નિવાસ, ખંડોબા નગર, શેવગાંવ (અહમદનગર) ફોન : 02429-221947
**દુકાન** : બાપજી વેફર્સ એન્ડ ડ્રાયફ્રુટ સ્ટોર્સ, મામા ચાવલે, શીવાજી ચોક, શેવગાંવ.. ફોન : 221294/223364

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

**કાર્યાલય :** ૧૭, ભેદા ભુવન, ૨૨, જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

# નોટબુક વિતરણ યોજના

**(તા. ૫-૬-૨૦૧૨ થી ૩૦-૬-૨૦૧૨ સુધી)**

વિદ્યાર્થીસંઘ દર વર્ષની જેમ આ વર્ષ પણ જ્ઞાતિના દાતાઓના સહયોગે **રાહત દરે નોટબુક વિતરણ યોજના**નું આયોજન કરેલ છે. આ વિતરણનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે. નોટબુકના પ્રકાર તેની કિંમત અને મર્યાદા નીચે પ્રમાણે રહેશે.

**૨૦૦ પાનાની જમ્બો નોટબુક રૂા.૬૦ પ્રતિ ડઝન**
**૨૦૦ પાનાની જમ્બો લોંગબુક રૂા.૧૮૦ પ્રતિ ડઝન**

વિદ્યાર્થી દીઠ એક ડઝનની મર્યાદામાં મળશે. જ્ઞાતિનો કોઈપણ વિદ્યાર્થી આ લાભ લઈ શકશે. એ માટે સંઘના **સભ્ય હોવું એ જરૂરી નથી.** વિદ્યાર્થીએ તેની ઓરીજનલ માર્કશીટ અને એક ઝેરોક્સ નકલ સાથે લાવવાની રહેશે. ફૂલસ્કેપ બુક ફક્ત ધોરણ ૮ અને તેનાથી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળશે. નોટબુક વિતરણ તા.૫-૬-૨૦૧૨ થી તા.૧૫-૬-૨૦૧૨ સુધી કરાશે. નોટબુક વિતરણ વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત રહેશે.

### નોટબુક વિતરણના કેન્દ્રો :

૧) **સુમિત ધરમશી :** ૧૦૭, અનંતનિવાસ, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૯. મો.૯૩૨૩૧૦૬૭૮૯

૨) **અનુજ ગીરીશ લોડાયા** વી.એલ. વી.જી હોસ્ટેલ, અમૃત ગ્રેન સ્ટોરની ઉપર, રોડ નં.૪, છેડાનગર, ચેમ્બુર-૪૦૦૦૮૯. મો. ૯૫૭૯૭૮૭૮૦૦

૩) **ચાંદની પરેશ લાલકા :** ૨૪૩/૬, નિશાંત વીલા, સેક્ટર-૨૮, વાશી મો.૯૮૩૩૨૨૫૦૫૩

૪) **ભાવના કિરણ ધુલ્લા** ૧૩ રેવતી સદન, ગંગાનિવાસની પાછળ, નાનુભાઈ લક્ષ્મણ રોડ, મલાડ (વે)-૨૮૮૪૪૪૦૬ / ૯૮૧૯૭૪૨૧૪૪

૫) **લીના હિતેન લોડાયા :** ડી/૧૫, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂ) મો.૯૭૬૯૪૧૧૦૧૦/ ૮૦૮૦૩૯૭૪૪૦

૬) **નિલિમા દિપક લોડાયા :** એ/૩૧૧, અનંતનાથજી કોમ્પ્લેક્સ, નહેરુ નગર, કાંજુરમાર્ગ (ઈ) મો. ૯૨૨૧૭૮૪૭૩૪

૭) **તેજસ મહેન્દ્ર ખોના :** વિ.એલ.વી.જી. હોસ્ટેલ, અનંત સિધ્ધી, ભાંડુપ (વે) મો.૮૭૬૭૨૫૫૬૨૨

૮) **મોનીકા ગીરીશ નાગડા :** એ/૪૦૨, અનસુયા, જીવરાજ ભાણજી હોલની બાજુમાં, અશોકનગર, મુલુંડ (વે) મો.૯૮૩૩૮૪૮૪૦૩

૯) **ભક્તિ જયેશ દંડ :** ૬૦૩, ચેરીઅટ સોસાયટી, નવઘર રોડ, સાંઈ કોમ્પ્લેક્સની બાજુમાં, મુલુંડ (ઈ). મો. ૯૬૬૪૩૪૬૮૯૪

૧૦) **દર્શના કિશોર છેડા :** ૧ સીમંતીની બિલ્ડીંગ, ગુપ્તે રોડ, શંકર મંદિરની બાજુમા, ડોંબિવલી (વે). મો.૯૯૨૦૫૩૯૫૪૯

૧૧) **ચિંતન મુકેશ લોડાયા :** ૨૦૩, ત્રીબક પેલેસ, ગોગ્રાસવાડી, પાથરલી રોડ, ડોમ્બીવલી (ઈ) મો.૯૮૭૦૦૭૮૪૫૬

૧૨) **ઉમંગ વિજય ખોના :** સી/૩૬, શ્રીનીવાસ, માનપાડા રોડ, અગ્રવાલ હોલની બાજુમાં, ડોમ્બીવીલ (ઈ) મો. ૯૭૭૩૪૩૪૨૮૩

૧૩) **ઉર્વી તિલક મૈશેરી :** ૩, સાઈનાથ કૃપા-૪, સાઈબાબા મંદીરની પાછળ, રાજાજીપથ, ડોમ્બીવલી (ઇ) મો. ૯૩૨૦૧૯૧૧૪૯

૧૪) **મેઘ પ્રતાપ દંડ :** એ/૧૦૨, પેરેડાઇસ અપાર્ટમેન્ટ, શાંતિનગર, વાગલે એસ્ટેટ, થાણે (વે) મો.૯૭૭૩૫૦૮૦૫૨

૧૫) **નીલીમા અશોક મુનવર :** ડી-૧૩, સલસનગર, આધારવાડી જેલ રોડ, FC I ગોડાઉનની સામે, કલ્યાણ (વે) મો. ૯૯૩૦૨૬૧૩૫૯

૧૬) **દિપક લાપસીયા :** જૈન મંદીર, ભાનુશાલી નગરની બાજુમાં, સ્કુલની પાછળ, ખડેગોલવલી, વિઠ્ઠલવાડી (ઇ) મો. ૯૭૦૨૧૧૩૦૦૪.




## A BITTER PHASE OR A FACE? *- Harsh Ashok Nagda (Ghatkopar)*

I have grown up with fascination to know about people from different parts of the world. I completely agree to the statement: "You are what you think". This statement looks simple but difficult to understand from its roots. I have had few chances of interacting with the foreigners in the past. It has always been an awesome experience. It's fabulous to understand each other's cultures, rituals, belief and the way they keep their ambience well maintained and clean.

I want to share two incidents during my recent travel to Cochin. Besides my seat in Sleeper coach, there was a couple from South Korea named Hara aged 29 years who worked as a journalist and husband Jin aged 34 years who worked as a stage Artist. They were heading to Goa. I thought of having some conversations with them post dinner. The train was empty and they were lying on their seat. One co-passenger also became good friends with us named Gurudev Singh aged 15 years from Chandigarh. He was a soccer player and used to play club matches in Goa. Punjab return means it's obvious to think his bag fully stuffed with Parathas, Biscuits, Chivdas, Chocolates, drinks, etc. We all shared a good rapport with each other. I then guided both the foreign tourist for the rest of their tour in India and also made them aware of the do's and don'ts of travel in India. They appreciated. During talks, I wanted to portray a picture that Indians are good people, the tourist places are exclusive, irrespective of the fact that India is overpopulated and most tourist places are full of dirt, poorly maintained, drown with corruption.

Gurudev was continuously opening food packets and I was just praying that he doesn't throw the empty wrappers outside window. But he did! I looked myself in isolation and was disappointed by his act. On seeing this, Jim and Hara told me that they came to India 10 days back and when they saw someone littering like Gurudev, they literally panicked! Because in their country its an offence and immediately leads to heavy fine and/or imprisonment. They were laughing and explaining me by acting that it is so scary to litter like this in their Country. By telling this, Jim actually threw a plastic wrapper outside window and laughed saying, "We are gone in our country but it doesn't matter in India! Its convenient and flexible". Jim's garbage throwing outside window pierced through my heart and I kind of felt so ashamed that I actually wanted to move to other seat in embarrassment.

Well, Hara and Jim incident puts forward a lot of questions to us. What is really happening with us? We don't demonstrate good habits. Hence, even others including foreigners tend to follow the same. If Gurudev as a 15 year old kid was firm and disciplined to keep surroundings clean and green, then surely he wouldn't have thrown the garbage from window. It would have left a very different image of India.

I returned from Cochin to Mumbai after few days. This time Russians sharing seats

besides mine. My seat number was 3 and theirs was 2,4 and 8. These seats were adjacent to the doors and washrooms. The husband, wife and their 12 year old kid were somehow looking lost. The lady asked me if it was coach no. 2? I nodded. Train was stuck at a station for more than 90 minutes because of some technical glitch. All I could see was disappointment on the face of Russians not because the train wasn't moving but because it was stinking like hell! I was also suffering but I had no other option. The Russians were looking in distress and looking for TC to change their seats if possible, but in vain.

They just covered up the mouth with a cloth. Such a bad image of our country! Why washrooms aren't clean enough to accommodate any passenger comfortably? I wanted to help them. All I could tell the lady was that the moment the train moves it will not stink. I had a confused smile on my face. She laughed taking it sportily. Somehow I could seed a sense of comfort in their mind that things will be fine the moment train moves.

These two incidents really put forward a lot of questions in front of us, especially the youths like us. If Gurudev was treated and guided properly at a very initial stage, then maybe he would have had a different thinking … a different mentality towards this sensitive issue of keeping environment clean and green. If washrooms were well maintained by Railways and more importantly by "us", then such awful situations wouldn't have arisen. Every passenger throws plastic bottles, tea cups every now and then during travel. Very few may dislike it but there are no dust bins in train compartment! What can possibly be done is to carry a big paper bag to last for entire journey and throwing entire garbage together when final station comes. This is possible when we really care about the environment we desire to live in.

Today I am considered stupid, if I don't throw my garbage outside the window and set aside in a big carry bag only to discard it later. I am considered weird who likes to collect filth and preserve it during journey. Do we really understand that every person who litters actually contributes to make our spectacular country, a dumping ground! We blame government, in specific, the corrupt politicians for any issue, but what is the role and action taken from our own side? Are we really thinking about maintaining a clean and green environment? Was Government only responsible for 26th July, 2005 Mumbai choke up situation? The fact is that we were the ones who littered in bits and parcel every day, throwing plastics here and there and finally causing sewage blocks to disallow rainwater to settle.

It's all about the environment we desire to live in today. It can be as flourished and spectacular as foreign countries or may be as worse as Indian by-lanes full of filth and garbage.

Next time whenever you litter, think again …

Email : harshshah@gmail.com



।। શ્રી ચંદ્રપ્રભસ્વામી નમઃ।। ।। શ્રી મહાકાળી માતાય નમઃ।। ।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાને નમઃ।।

# અમે બિરદાવ્યું અમારૂં ગૌરવ

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તીપૂજક સંઘ, મોટી ખાવડી ના નેજા હેઠળ

## શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ-મુંબઈ દ્વારા યોજાયેલ

# સ્નેહમિલન તથા યાત્રા પ્રવાસ

શ્રી મોટીખાવડી મુકામે બેનમુન કલાકૃતિ ધરાવતું પ્રાચીન તિર્થમાં મુળનાયક બિરાજતા શ્રી ચંદ્રપ્રભ દાદા તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનાં અદ્રશ્ય આશિર્વાદનાં પ્રભાવે તેમજ પાવાગઢ તિર્થમાં જેના બેસણા સ્થાપાયેલા છે. તેવા અચલગચ્છાધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાની અસીમ કૃપા તેમજ શ્રી સંઘ ઉપર વર્ષોથી જેમની અમી દષ્ટી અવિરત પણે વરસે છે તેવા અમારા સૌના માર્ગદર્શક અને સાચા અર્થમાં પ્રેરણા સ્ત્રોત, આંતરમુખી પ્રતિમા ધરાવતા પરમતત્વ જ્ઞાની ગુરૂદેવ પ. પૂ. સા. શ્રીજી યશોદયાશ્રીજી મ. સા. આદીઠાણા વગેરેની પ્રેરણા થી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડીનાં નેજા હેઠળ શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ - મુંબઇ દ્વારા ભારતભરમાં વસતાં મોટીખાવડી ગામવાસીઓનો ૨૯ મો મહાસ્નેહમિલન સમારોહ તથા યાત્રા પ્રવાસ નું સુંદર આયોજન પાવાગઢ, મહુડી તિર્થ, શંખેશ્વર તિર્થ, વિજાપૂર, ૐ કાર તિર્થ મધ્યે યોજવામાં આવેલ હતો.

યાત્રા પ્રવાસનો આરંભ મોટીખાવડી મુકામે મહાકાળી માતાજીની રમઝટ ભરી ભક્તિભાવના થી કરેલ અને પૂરા ભાવ પૂર્વક ''મા'' ને આવાહન કરેલ કે ''મા'' તમારા શરણે આવીએ છીએ અમારા દરેક કાર્યો નિર્વિઘ્ને પાર પાડજો એવા ભાવ વર્ણવી એક અનેરા ઉમંગ અને ઉલ્લાસ પૂર્વક આ યાત્રાની શરૂઆત એક નાનકડા પગલા ભરીને કરેલ.

ભારત ભરમાં વસતાં મોટીખાવડી વાસીઓ તથા સ્થાનીકે વસવાટ કરતાં ગામવાસીઓ તમામ પરીવારોમાંથી ૪૧૦ જેટલા સ્નેહી જનો ખુબજ ગૌરવ - હર્ષો - ઉલ્લાસ - ઉમંગ અને અનેરા ઉન્માદ પૂર્વ સામેલ થઇ અમો સર્વેએ અમારા ઇતિહાસમાં એક સુવર્ણ કલગીનો ઉમેરો કર્યો જેનું વર્ણન કરવું અમારા માટે શક્ય નથી. અમો સર્વે ગામવાસીઓએ મળીને અમારા ગૌરવને હેત પૂર્વક માણી માણીને મનોમંથન કરી એક દૃઢ નિર્ધાર સાથે સહુ સંગાથે - હેત - પ્રિતે પાવાગઢમાં મા ની નિશ્રામાં એક સ્થળે ભેગા મળ્યા. પાવાગઢ મુકામે વહેલા પરોઢીએ ઢોલ - શરણાઇ - ફુલોથી અમારા આદરણીય વડીલો, બહેનો - માતાઓ સૌનું અવિસ્મરણીય ઉસ્માભર્યું સ્વાગત કરેલ જેમાં દરેકની આંખોમાં લાગણીઓ છલકતી હતી. દરેક સ્વજનો એક બીજાને ગલે લગાવીને હેતથી મળતાં હતા. આખી રાતની મુસાફરી હતી પણ ઉત્સાહ એટલો ચરમ સીમાંએ હતો કે થાક નો એહસાસ સુધ્ધા કોઇમાં પણ જોવા મળતો ન હતો.

પાવાગઢ ધર્મશાળામાં નિત્યક્રમ પતાવી ગામવાસીઓ એક સંગાથે બહોળી સંખ્યામાં પાવાગઢ ડુંગર ઉપર ''મા'' ના ચરણમાં શીશ નમાવવા અને અમારા વડવાઓનાં બોલેલ બોલને વાચા આપવા એક અમારા પોતાનાજ ગૌરવને પૂર્ણ કરવા પૂરા જોમ-જોશ-ઉમંગ પૂર્વક નીકળ્યાં અને નાના બાળકોથી લઇને ૮૫ વર્ષ સુધીના અમારા ગૌરવશાળી વડીલોએ પણ માતાજીનાં ચરણોમાં મસ્તક ઝુકાવી ''મા'' ના આશીર્વાદ લઇને ધન્ય થઇ ગયાની અનુભૂતી કરેલ.

માનાં દર્શન પુર્ણ કરી નીચે આવી સર્વ ગામવાસીઓએ સ્વાદીષ્ટ ભોજનને ન્યાય આપ્યો. એકાદ કલાકને વિરામ બાદ અમો સર્વે બીજા અમારા 'માતૃલ્ય'' સમાન એવા ગુરૂજી પ. પૂ. સા. યશોદયશ્રીજી આદીઠાણા ને મળવા રવાના થયાં. ગુરૂજીને મળવા જવાનું છે એવા સુચન માત્ર થી સમગ્ર સંઘમા જોશ અને જોશ હતા તેનાથી બમણા થઇ ગયા. એક ક્ષણ પણ રોકાયા વગર તમામે તમામ

ગામવાસીઓ પોતાનો સર સામાન લઇ એમને ફાળવેલ બસ અને ક્રમાંક પ્રમાણે કોઇપણ જાતની અડચણ વિનાં પોતાના સ્થાન ઉપર આસન ગ્રહણ કરી લીધેલ અને સમજી ન શકાય એટલા ટુંક સમયમાંજ ૪૧૦ વ્યક્તિઓ અને દસ-દસ બસો વ્યવસ્થિત રીતે વડોદરા સ્થિત કચ્છી ભુવન માટે રવાના થઇ. વડોદરા મહાજને પણ સજી ધજી - ઢોલ શરણાઇ વગેરેની જોર શોરની તૈયારીની સાથે અમારા શ્રી સંઘનું ભવ્ય સ્વાગત કરેલ. કચ્છી ભુવનમાં પહોંચતા જ ગુરૂજીને વંદન કરીને સમગ્ર સંઘે આસન ગ્રહણ કર્યું. વર્ષોથી જેમની ગુરૂવાણી જે અમૃત વાણી - અમૃત રસ પીવાની જે તૃષ્ણા હતી તે તૃષ્ણા આજે ગુરૂજીનાં મુખેથી અમૃતવાણી સાંભાળીને તૃપ્ત થવાની હતી અને તે તૃષ્ણા ગુરૂજીનાં અમુલ્ય વાણી સાંભળીને તૃપ્ત થઇ. સંઘના તમામ સ્નેહીજનોની વડોદરા મુકામે આનંદ - ઉમંગ અને અંદરની તૃપ્તીનો અહેસાસ જ કંઇક અનેરો હતો જેનું વર્ણન અને તે દ્રશ્ય આજે પણ નજરની સમક્ષ આવ્યા કરે છે.

શ્રી વડોદરા સંઘ તરફથી શ્રી મોટીખાવડી સંઘના ટ્રસ્ટીશ્રીઓનું શ્રીફળ/હાર/સાલ અર્પણ કરી ખુબજ માન પૂર્વક બહુમાન કરવામં આવેલ વડોદરા મહાજનનાં પ્રમુખશ્રી અને શ્રી મોટીખાવડી મહાજનનાં પ્રમુખશ્રી એ પોતાની અંતરની ઉર્મીયો શ્રી ગુરૂજી તથા વડોદરા મહાજન તથા શ્રી સંઘ સમક્ષ રજુ કરેલ.

વડોદરાથી રવાના થઇ ૐ કાર તિર્થના દર્શન/આરતિ નો લાભ લીધેલ. ત્યાંથી રવાનાં થઇ વિજાપૂર મુકામે રાત્રી રોકાણ કરેલ. વહેલી સવારે ઉઠીને વિજાપૂર મધ્યે સેવા-પૂજા કરી. ચા-નાસ્તાને ન્યાય આપી સમગ્ર સંઘ મહુડી તિર્થનાં દર્શન કરી સુખડીને ન્યાય આપ્યા બાદ ફરી બધા વિજાપૂરા મધ્યે બપોરનાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી એકાદ કલાકના આરામ કર્યા બાદ ૨૯ મો ભવ્ય સ્નેહમિલન માટે તમામ ગામવાસીઓ એક જાજરમાન મિજાજ સાથે હાજર થયા.જેનું અવલોકન કરવું એ અમારા પોતાના વખાણ કરવા બરાબર છે. વિશાળ હોલ પણ નાનો પડતો હતો એક એક વ્યક્તિનાં ચહેરા અને આંખોમાં ગૌરવ અને આત્મીયતાનાં ભાવ નિતરતાં હતા દરેક સ્નેહીજન બીજા સ્નેહીજનને આદર પૂર્વક ઝુકી - ઝુકી ને મળતા હતા. દરેક વડીલો નાં હૈયા એક બીજાને ભેટીને હેત વરસાવતા હતા. આજ અમારી આગવી શૈલી છે જેનું અમોને ભારોભાર ગૌરવ છે અને આ ગૌરવને જાળવવા માટે અમો અથાગ પ્રયાસ કરતા રહેશું.

૨૯ માં ભવ્ય સ્નેહમિલનની શરૂઆત નાના બાળકો દ્વારા મધુર સ્વરે ગવાયેલ મહામંત્ર નવકાર મંત્ર થી કરવામાં આવી. બાદ સ્ટેજનો હવાલો શ્રી સંઘના પ્રમુખ શ્રી તથા મંડળના સલાહકાર શ્રીએ સંભાળેલ અને રજુ કરેલ જે ક્યારેય રજુ થયેલ નથી, જે આપણે સાંભળેલ નથી, જે આપણને કોઇ કહેશે નહિ તે એક અનોખા અંદાજ, અનોખા મિજાજ, અનોખા ગૌરવ અને અનોખી આપણી ઓળખાણ તેવા જાજરમાન શ્રી સંઘના સ્નેહીજનોનું જાજરમાન સ્વાગત. આપણે સૌએ સાથે મળીને ઉભા થઇને સતત ૧૫ મિનિટ સુધી તાળીઓનાં ગડગડાટથી આપણે બિરદાવ્યું આપણું ગૌરવ, આપણા વડવાઓના બોલને વાચા આપી આપણે સૌએ આપણને પોતાનો બિરદાવ્યા. આપણે આપણા ગામને, આપણા તિર્થને, આપણા ગુરૂજીને, આપણા વડવાઓને, આપણા માતા-પિતાને, આપણા ભાઇ-બહેનને, આપણા દિકરા-દિકરીઓને અને આપણે આપણા સ્વમાન ગૌરવ ભેર તાળીઓનાં ગડગડાટ થી બિરદાવ્યા અને આપણે રચીઓ એક ઇતિહાસ. આપણે બધાએ ભરપૂર માણ્યું આપણું ગૌરવ - આપણી ખુમારી - આપણી દાતારી - આપણી દિલેરી - આપણી સભ્યતા - આપણા સંસ્કાર - આપણી સમજદારી - આપણા હેત - આપણી લાગણીની છોળો ઉછાળી આપણે બિરદાવ્યું આપણું પોતાનુંજ ગૌરવ જે એક સમગ્ર ગામવાસીઓ અને દરેક સ્નેહીજનાના હ્રદયમાં સુવર્ણ અક્ષરે અંકિત થઇ ગયું જે અવિસ્મરણીય રહેશે સદાકાળ....

કાર્યક્રમ આગળ વધતા તપસ્વીઓનું બહુમાન, શૈક્ષણિક અભિવાદન, ફટાકડા ન ફોડનાર બાળકોને પ્રોત્સાહિક પુરસ્કાર સાથે પિપર ચોકલેટનો સ્વાદ. સમય થતા કાર્યક્રમ સ્થગીત કરી બધા

ચૌવિહાર કરી કાર્યકર્તાઓથી પણ પહેલા સમગ્ર પરિવાર જનો – સ્નેહીજનો ટુંક સમયમાં હોલમાં હાજર થઇ ગયેલા. સ્નેહમીલનનો મીજાજ અને માહોલ જ કંઇક ઓર હતો.

કાર્યક્રમ આગળ બહેનો દ્વારા ''વહુઓ મારી વંડરફુલ'' નાટક રજુ કરેલ જે ખરેખર બધાએ હાસ્યની મૌજસાથે માણ્યું. સામુહિક રીતે યુવાન ભાઇઓએ રાસ-ગીત ગરબાઓ ગાઇને રમઝટ બોલાવી અને બહેનોએ રાસ રમવાનો લ્હાવો લીધો. અંતમાં મંડળનાં પ્રમુખ શ્રી તથા ઉપપ્રમુખ શ્રીએ સર્વે ગામવાસીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી ર૯ માં ભવ્ય સ્નેહમિલનની ભવ્ય પૂર્ણાહુતી કરી હતી.

વિજાપૂર થી પ્રયાણ કરીને શંખેશ્વર તીર્થ રાત્રી રોકણ કર્યું. સવારે નિત્યક્રમ પતાવી – દાદાની સેવા પૂજાનો લાભ લીધેલ. ખુબજ શાંતિ પૂર્વક દાદાની સેવા પૂજા કરી આપણા ઉતારા ધર્મશાળામાં સ્વાદિષ્ટ ભોજનના સ્વાદ માણ્યાં એકાદ કલાકનાં આરામ બાદ વસમી વિદાય માટે બધા એક હોલમાં એકત્ર થયેલા ત્યાં તમામે તમામ ગામવાસીઓનો તમામ કાર્યકર્તાઓ, શ્રી સંઘના હોદેદારો તેમજ શ્રી મંડળનાં હોદેદારો એ ભાવ પૂર્વક આભાર માની હર હમેંશા આવા સ્વૈચ્છીક સહયોગની અપીલ કરીને બે હાથ જોડી ને ક્ષમા યાચના માંગી આ એ સમય હતો જ્યાં કોઇ કશું બોલતું ન હતું ત્યાં કોઇ કોઇની સામે જોતું ન હતું બધાને અલગ થવાનો વસવસો હતો બધાની આખોમાં આસુ હતા કોઇ કોઇ સાથે બોલી શકવાની ક્ષમતામા ન હતો બધા બે હાથ જોડી માથું હલાવી ઇશારે વાતો કરતાં હતા. કોઇ કશું બોલતું ન હતું છતાં પણ મૌન મૌનમાં ઘણી વાતો થતી હતી તે હૈયા થી હૈયા સમજતાં હતા. હજુ પણ આ દશ્ય વિસરાતુ નથી. ઘેર પરત ફરવા માટે બસોમાં સ્નેહીજનો બેસીને બસો રવાના થઇ કોઇ કઇ બોલી શકવાની સ્થિતીમાં ન હતા, બધા મુક બધિરા થઇને જોતા હતા. સમગ્ર મોટી ખાવડી પરિવારનાં હાથોમાં રૂમાલ હતા. તે દશ્ય આંખોને વળગી રહ્યું છે. મુંગા મોઢે બધીજ બસો રવાનાં થઇ. ધર્મશાળામાં સોપો પડી ગયો. શ્રી સંઘના, શ્રી મંડળ અને યુવા કાર્યકર્તાઓના હૈયા રૂદન કરતાં હતા, પણ આનંદના રૂદન હતા. રૂદનની પાછળ એક ભવ્ય સ્નેહમિલન અને યાત્રા પ્રવાસને નિર્વિઘ્ને સુખરૂપે પાર પાડ્યાનો અંદરથી આનંદ હતો. અંદરના આત્મામાં કંઇક સારૂ કામ કર્યાનો આત્મ સંતોષ હતો. હમેંશા ગામ પ્રત્યેનાં દરેક કાર્યો બાદ એક અંદર થી આનંદની અનુભૂતી થતી હોય છે, એક આત્મ સંતોષ થાઇ છે કે કંઇક સારૂ કરી રહ્યા છીએ જે બધાને સારૂ લાગે છે તેમાં આપણા આત્માને શાંતિ મળે છે.

સમગ્ર યાત્રા પ્રવાસ દરમ્યાન બસ તથા ભોજનની વ્યવસ્થા આપણા સ્વતંત્ર રસોડામાં કરવામાં આવેલ હતી. સમગ્ર યાત્રા પ્રવાસ દરેક પરિવાર પાસેથી સ્વૈચ્છીક ફંડ લઇ કરવામાં આવેલ.

સંપૂર્ણ યાત્રા પ્રવાસ દરમ્યાન દરેક ગામવાસીઓ તથા યુવાધન જે અમારૂ ભવિષ્ય છે તેઓએ પોતાની સુજબુજ અને આંતરીક સભ્યતાનાં જે દર્શન કરાવ્યા તેને ખરેખરે બિરદાવીએ છીએ. આવી રીતે ગામ અને શ્રી સંઘના કાર્યમાં સ્વૈચ્છીક યોગદાન આપતા રહેશો એવી અભિલાષા. દરેક ગામવાસીઓ તથા સ્નેહીજનો તથા યુવા ધનને નતમસ્તકે વંદન.

સૌ ગામવાસીઓના ઉત્તમો ઉત્તમ સહયોગ થી આપણે આ યાત્રા પ્રવાસ ખરેખર ખુબજ સરસ રીતે અને સુખરૂપે પાર પાડી શક્યા છીએ, આપ સૌનાં સુંદર સહયોગ વગર આ શક્ય ન હતું, આ માટે અમો સર્વે ગામવાસીઓના અમો ખરેખર ખરા હૃદય થી આભારી છીએ. સંપૂર્ણ યાત્રા પ્રવાસમાં કાંઇ ક્ષતી રહી ગઇ હોય અથવા કાંઇ ભૂલચૂક થઇ હોય તે બદલ અમો શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘના હોદેદારો તથા શ્રી હિતવર્ધક મંડળ મુંબઇનાં હોદેદારો તેમજ દશ્ય અદશ્ય કાર્યકર્તા તરફથી મિચ્છામી દુક્કડમ્.

**એજ ભવદીય,**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી તથા શ્રી મોટીખાવડી હિતવર્ધક મંડળ, મુંબઇ**

**નાં**

**જય જિનેન્દ્ર**

## પ્રથમ માસની ભાવભીની શ્રધ્ધાંજલી...

: જન્મ :
તા.૨૬-૬-૧૯૨૭
બારસી



: અરિહંતશરણ :
તા.૨૮-૫-૨૦૧૨
યવતમાલ

**શ્રીમતી ચંપાબાઈ વાલજી શામજી ધરમશી**
**(નલીયા-યવતમાલ)**

દયા, કરૂણા, સ્નેહ, સંસ્કાર એમના મુખમંડલની આભા હતી;
પ્રેમ, સુખ, સમૃધ્ધિ જેમના જીવનની ઉપલબ્ધિ હતી.
લાડલી દીકરી બારસી ગામથી સોળ શણગાર કરી...
શ્રી શામજી રાજપાર ઘરમશીના ઘરે પુત્રવધુ બની આવી હતી;
જીવનસંગિની વાલજીભાઈની, ઘરમાં રાજદુલારી હતી;
**ખેમલતા (ક્ષમા), સરોજ, લતિકા** પણ એમના પ્રાંગણમાં તુલસી બનીને આવી,
ત્યારે ચંદન જેવી સૌરભ ઘરના ખુણે ખુણે પ્રસરી હતી
કાલચક્રનાં દસ્તકમાં પ્રસન્નતા અમારી છીનવાઈ ગઈ;
"**બાપુજી**"નું છત્ર છીન્યું, હવે "**ચંપા મા**" પણ ચાલી ગઈ.
અથક સેવા પુત્ર "**અશ્વિન**"ની શું પ્રભુ તમારા મનમાં ખુંચી ગઈ!
તમે તો કરતાર છો, તારણહાર છો, ક્ષમાના અવતાર બનો.
ભવ ભ્રમણાની પરિક્રમામાં આત્મશાંતિના આધાર બનો! આત્મશાંતિના આધાર બનો!!

**- સરોજ દંડ**

**~ શોકાતુર ~**

**સૌ. જયાબેન નરશી ધરમશી પરિવાર** (મુલુંડ)
**સૌ. દમયંતી કેશવજી ધરમશી પરિવાર** (યવતમાલ)
**શ્રીમતી કાંતાબાઈ વર્ધમાન ધરમશી પરિવાર** (યવતમાલ)
**નિખીલ અનિલ ખોના** (નાગપૂર)
**રાજુ મણીકાન્ત દંડ** (અંધેરી)
**ધીરેન મુકેશ શાહ** (અંકલેશ્વર)
**સૌ. બીજલ નિતીન માલાણી** (નાગપુર)
**સૌ. મોના પ્રણવ સાતા** (વીલેપારલે)
**સૌ. ઉર્મિ કૌશીક ખોના** (કાંટોલ)
**એવમ્ સમસ્ત ધરમશી પરિવાર**

*(ઋણસ્વીકાર : અમારા દુ:ખમાં સહભાગી થનારા સર્વે સ્નેહીજનોનો આભાર...)*

## પ્રકાશ–મંજુષા : આપણું જાહેર જીવન

*નોંધ : આજે પણ એટલોજ પ્રસ્તુત છે ૭૯ વર્ષ પહેલાનો લેખ : બહુમતી જ્ઞાતિજનો જાહેરજીવનમાં **"પાંજો કુરો"**ની નીતિ અપનાવે છે તે હકીકત આજે આઠ દાયકા પછી પણ જ્ઞાતિમાં વ્યાપકરૂપે દૃષ્ટિપાત થાય છે.*

*તેવી જ રીતે મહારાષ્ટ્ર સરકારે ધાર્મિક લઘુમતી તરીકે જૈનોને આવા ધારેલી રકમના દસ ટકાનો જૈનો દ્વારા આ વર્ષે માંડ સદુપયોગ થઈ શક્યો. આ વાત એક જ ધર્મના હોવા છતાં, અને અનેકાંત વાદમાં માનતા હોવા છતાં જૈનો નાના નાના અનેક વાડામાં વહેંચાયેલા છે તે છે. ૮૦ વર્ષ પહેલાં છપાયેલા આ લેખમાં આ સમસ્યાની જે છણાવટ કરવામાં આવી છે તે આજે પણ એટલીજ પ્રસ્તુત છે. માંહેલાને ઢંઢોળતા આ લેખનો પ્રકાશ આપણા સુધી પહોંચશે ખરો?*

આપણી કોમ જાહેર પ્રવૃત્તિઓમાં નહિ જેવો જ ભાગ લેતી રહી છે, જેનાં કારણો ઘણાં છે, એક તો કેળવણીનો ખૂબજ ઓછો પ્રચાર, બીજું ગરીબાઈનો બહોળો ફેલાવો. જે કોઈ ગણ્યાગાંઠ્યા શ્રીમતો છે તેઓમાંના નવાણું ટકા તો માધ્યમિક કેળવણી પણ માંડ પૂરી કરેલી છે. હવે આટલા ક્ષુદ્ર જ્ઞાનથી તેઓ જાહેર પ્રજાના લાભાલાભના કામો કરવામાં કેવી રીતે બહાર પડી શકે? પહેલા તો તેમને જાહેર કાર્યો તરફ જ ઉદાસીનતા હોય ઉપરાંત પોતાના વ્યાપાર ધંધાના અંગે ઉકેલ સમેટ પાછળ તેમજ તેની વ્યવસ્થા પાછળ તેમના અભણપણાને લઈને તેમને ઘણો ઘણો સમય ગુમાવવા પડયાના કારણે અને જન્મથી જ ગધ્ધાવૈતરૂં કરવાની ટેવ પડેલી હોવાના લીધે સતાદેવસ ધંધા સિવાય બીજી કશી ગતાગમ ન હોવાના કારણે જાહેર કામકાજમાં ભાગ લેવાની ક્યારેક થયેલી પ્રેરણા ભૂંસાઈ જાય છે અને જીવનની ઘરેડમાં આ એક મહત્ત્વની દિશા ભૂલાઈ જવાય છે.

અને બેહદ કંગાલિયતના કારણે સામાન્ય તેમજ ગરીબવર્ગ પણ જાહેર જીવનમાં ભાગ લેતો જોવામાં આવતો નથી. થોડું શીખેલાઓની તો આપણે વાત જ ન કરીએ, કિન્તુ સારો વિદ્યાભ્યાસ કરેલા, સુધારાની હવા જેમને લાગેલી છે તેવા યુવાનો પણ જ્યારે આ પ્રશ્ન તરફ ઉદાસીનતા સેવી રહ્યા છે, ત્યારે તેનાં કારણોમાં ઉંડા ઉતરવાનું આપણને સહેજે મન થઈ આવે. અને આપણે જોઈ શકીયે છીએ કે આવા યુવાનો મોટે ભાગે નોકરીચાકરી પર પોતાનો જીવન નિર્વાહ ચલાવી રહ્યા હોવાથી અને જે શ્રીમંતવર્ગ પાસે તેઓ પોતાની આજીવિકા મેળવી રહ્યા છે તેમની જાહેર જીવન પ્રત્યેની સુગ જોઈને "યથા રાજા તથા પ્રજા"ના હિસાબે તેઓના હૃદયમાં પણ એજ વિચારો હોય છે. ઉપરાંત કદાચ તેઓ બહાર પડે તોપણ જાહેર કાર્યો પાછળ ગુમાવવો જોઈતો સમય ક્યાંથી કાઢે? જે કોમના શ્રીમંતો સવારના આઠથી રાતના દસ સુધી ઓફિસ કે પેઢીઓમાં પડ્યા રહેતા હોય તે કામનો નોકરીઆતવર્ગ ગમે તેટલી હોંશ હોય તો પણ જાહેર જીવન માટે જોઈતો સમય ક્યાંથી મેળવી શકે? તેમની નોકરીના ભોગે જ. અને નોકરીનો ભોગ આપે તો પછી ખાવું શું?

ત્રીજું, આપણા યુવાનોમાં એવી એક માયકાંગલી મનોદશા પેઠેલી જોવામાં આવે છે કે આર્થિક સ્થિતિમાં ગમે તેટલા સ્વતંત્ર હોય, સારૂં જેવું શિક્ષણ પણ પ્રાપ્ત કરેલું હોય ને બુધ્ધિશાળી પણ પૂરતા હોય, છતાં ગુલામી જીવન જીવવાની ઘરેડમાંથી મુક્ત થઈ શકતા નથી. કૂપમંડૂકોની માફક પોતાના ઘર કે સ્વાર્થ સિવાયના કોઈ પણ પ્રશ્ન પ્રત્યે દુર્લક્ષ્ય રાખી "પાંજો કુરો"જ બોલતા જણાય છે, કે જે મનોદશા ફગાવી દેવા સિવાય મનુષ્ય માત્ર આગળ વધી શકે નહિ.

